આજનો સુવિચાર

ચિંતા એ માનવ જીવનનું ઝેર છે, તે અનેક પાપોની અને તેથી વધુ દુઃખોની જનની છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૫ જૂનાગઢ તા. ૧૩-૧-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


### ઈસરોએ સેટેલાઈટ ઈમેજ સાથે ચેતવણી જારી કરી

# સમગ્ર જોશીમઠ ધરતીમાં સમાઈ જશે

દહેરાદૂન તા. ૧૩ હિમાચલ પર્વતીયમાળામાં સમાયેલા ઉત્તરાખંડના ધાર્મિક ઉપરાંત લશ્કરી-વ્યુહાત્મક અને સહેલાણી ક્ષેત્ર તરીકે જાણીતા સમગ્ર જોષીમઠ શહેરનું અસ્તિત્વ જ ખતરામાં છે અને કદાચ હવે આ ક્ષેત્રને બચાવવું મુશ્કેલ અને વિલંબનું કામ બની ગયું છે. ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો)એ તેના નેશનલ રીપોર્ટ સૈસીંગ સેન્ટર મારફત જોશીમઠમાં જમીન ધસવાની તથા માર્ગો અને ઈમારતોમાં તિરાડ પડવાની સતત ચાલીરહેલી પ્રક્રિયા અંગે સેટેલાઈટ તસ્વીરોઉપરથી તેનું પ્રથમ નિરીક્ષણ જાહેર કર્યુ છે અને તેમાં ગંભીર આગાહી કરતા જણાવ્યું છે કે પુરુ જોશીમઠ ખતરામાં છે અને તે પુરેપુરુ ડુબી જશે. ઈસરો દ્વારા તેના હેદરાબાદ સ્થિત રીપોર્ટ સેસિંગ સેન્ટરના માધ્યમથી લેવલથી ડૂબતા જોષીમઠની તસ્વીરો જાહેર કરી છે અને તેના ઉપરથી એ ચેતવણી આપી છે કે પુરુ જોશીમઠ શહેર જ ડૂબી જશે જેના કારણે હવે સરકાર અને લોકોની ચિંતા વધી ગઈ છે. ઈસરોના કાર્ટોસૈટ-૧ એસ. સેટેલાઈટ માધ્યમથી જે તસ્વીરો લીધી છે તેમાં જોશીમઠ સ્થિત સેનાનું હેલીપેડ તથા નરસિંહ મંદિર સહિત સમગ્ર શહેરને સંવેદનશીલ ક્ષેત્ર દર્શાવ્યું છે. હાલ આ ક્ષેત્રના લોકોને સુરક્ષિત ક્ષેત્રમાં પહોંચાડવાની કામગીરી થઈ રહી છે. ઈસરોના રીપોર્ટમાં જણાવાયું છે કે એપ્રિલ, નવેમ્બર ૨૦૨૨માં આ જમીનનો ધીમો ધસારો શરૂ થયો હતો તે સમયે જોશીમઠ ૮.૯ સેમી ધસી ગયું હતું અને હવે ૨૭ ડિસેમ્બર બાદ જમીન ધસારામાં ગતિ આવી છે અને આ ૧૨ દિવસમાં સમગ્ર શહેર ૫.૪ સેમી ડુબી ગયું છે અને તેના કારણે જોશીમઠ ઔલી સડક પણ ધસશે. હાલ સડકોમાં જે મોટી તિરાડો દેખાઈ રહી છે તેનો અભ્યાસ ઈસરોએ શરૂ કર્યો છે.

## ઉત્તરકાશીમાં ૨.૯ની તિવ્રતાનો ભુકંપ : જોશીમઠ ઉપર ખતરો વધ્યો

નવી દિલ્હી, તા.૧૩: ઉત્તારાખંડમાં ફરી એકવાર ભૂકંપનો આંચકો આવ્યો છે. ઉત્તરાખંડના ઉત્તરકાશીમાંથી આફત હટવાનું નામ નથી લઈ રહી. ગત મોડીરાત્રે ૨.૧૨ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ ઉપર ૨.૯ માપવામાં આવી હતી. ભૂકંપનું કેન્દ્ર ૨૪૦ કિમી દૂર હતું. જોકે આંચકો તીવ્ર ન હતો પરંતુ આ આંચકા જોશીમઠની ધસતી જમીનને વધુ નુકસાન પહોંચાડે તેવી આશંકા છે.

## દેશમાં રામ મુદ્રાને ચલણમાં લાવવા સંતોની માંગણી

લખનૌ તા. ૧૩ : મહર્ષિ યુનિવર્સિટી ઓફ ઈન્ફોર્મેશન ટેક્નોલોજીમાં મહર્ષિ યોગીની ૧૦૬મી જયંતી ઉપર આયોજિત સંત સમાગમમાં દેશના વિવિધ ભાગોથી આવેલા સંત એકઠા થયા હતા. સંતોએ દેશમાં રામમુદ્રાને ચલણમાં લાવવાની માંગ કરી છે. સંતોએ કહ્યું કે અનેક દેશોમાં ધર્મ આધારિત ચલણ છે. તેઓએ કહ્યું કે અયોધ્યામાં રામાયણ વિશ્વવિદ્યાલયનું નિર્માણ કરવામાં આવે. અયોધ્યા સમાન જ મથુરાનો વિકાસ કરવામાં આવે. જો કે કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રક્ષા મંત્રી તેમજ લખનૌના સાંસદ રાજનાથ સિંહ આ મુદ્દા ઉપર મૌન રહ્યા હતા.

## જેડીયુનાં પૂર્વ અધ્યક્ષ શરદ યાદવનું નિધન

નવી દિલ્હી,તા. ૧૩: જેડીયુના પૂર્વ અધ્યક્ષ શરદ યાદવનું નિધન થયું છે. શરદ યાદવની પુત્રી શુભાશિની યાદવે ટ્વીટ કરીને આ અંગેની માહિતી આપી છે. તેઓ ૭૫ વર્ષના હતા. શુભાશિનીએ પોતાના ટ્વિટમાં લખ્યું, 'પાપા હવે નથી.'

શરદ યાદવનો જન્મ ૧ જુલાઈ ૧૯૪૭ના રોજ મધ્ય પ્રદેશના હોશંગાબાદના બંધાઈ ગામમાં એક ખેડૂત પરિવારમાં થયો હતો. ખેડૂત પરીવારમાં જન્મેલા શરદ યાદવ વાંચન અને લખવામાં ખૂબ જ ઝડપી હતા. વિદ્યાર્થી રાજનીતિમાંથી રાષ્ટ્રીય રાજનીતિમાં પોતાની ઓળખ બનાવનાર શરદ યાદવે બિહારના રાજકારણમાં પણ મોટું સ્થાન હાંસલ કર્યું હતું. શરદ યાદવે મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને પછી બિહારમાં પોતાની રાજકીય કારકીર્દીથી પ્રતિષ્ઠા જમાવી હતી. માહિતી મુજબ, શરદ યાદવનું ગતરાત્રે ૧૦.૧૯ કલાકે ફોર્ટિસ હોસ્પીટલમાં નિધન થયું હતું.

## દેશની ચાર બેંકો સાથે રૂા.૨૧૭ કરોડની છેતરપીંડી : સીબીઆઈનાં દેશવ્યાપી દરોડા

નવી દિલ્હી તા. ૧૩ દેશમાં ચાર બેંકો સાથે ૨૧૭.૩૭ કરોડની છેતરપિંડીઠગાઈ કરવા બદલ સીબીઆઈએ દેશ વ્યાપી દરોડા પાડ્યા છે,આ કાર્યવાહી અંતર્ગત કચ્છમાં એક સ્થળે, મુંબઈમાં આઠ સ્થળે, દમણ, નોઈડા અને દિલ્હીમાં એક એક સ્થળે સીબીઆઈએ દરોડાનો દોર શરૂ કર્યો છે,

## શીરડી જઈ રહેલી યાત્રાળુ બસને અકસ્માત નડતા ૧૦ સાંઈ ભકતોનાં કરૂણ મોત

નાસિક તા ૧૩ મહારાષ્ટ્રમાં આજે સવારે એક ભીષણ માર્ગ દુર્ઘટનામાં શીરડી-સાઈબાબાના દર્શને જઈ રહેલા મુસાફરોની બસ અને એક ટ્રકની ટક્કર થતા ૧૦ સાંઈભક્તોના મોત થયા છે અને ૩૫થી વધુ ઘાયલ થયા છે જેમાં અનેક યાત્રાળુઓની હાલત ગંભીર માનવામાં આવે છે. બસના મુસાફરો બદલાપુર અને અંબરનાથથી શિરડી જઈ રહ્યા હતા તે સમયે નાસિક-અહમદનગર રાજમાર્ગ ઉપર આજે સવારે આ દુર્ઘટના બની હતી આ ટક્કર એટલી જોરદાર હતી કે બસના બોડીના ભાગોનો ડૂચ્ચો થઈ ગયો હતો અને તેમાં ૪૫-૫૦ મુસાફરો હતા જેમાં ૬ બે પુરૂષ અને બે બાળકોના મોત થયા છે અને ૩૫ જેટલા મુસાફરો ઘાયલ થયા હતા. જેઓને નજીકની હોસ્પીટલમાં સારવાર માટે દાખલ કરાયા છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ આ અકસ્માત ઉપર શોક વ્યકત કરતા મૃતકના પરિવારજનોને રૂા.૫-૫ લાખની સહાય આપવા અને ઈજાગ્રસ્તોને રૂા.૫૦૦૦૦ની સહાય તથા સરકારી ખર્ચે સારવાર આપવાની જાહેરાત કરી હતી. હજુ ચાર યાત્રીકોની હાલત ગંભીર છે. બસ અને ટ્રક સામસામી દિશામાંથી આવી રહ્યા હતા અને ધડાકાભેર અથડાયા હતા.

## વિશ્વનાં સંખ્યાબંધ દેશોમાં દેવાનું સંકટ વૈશ્વિક મંદી લાવશે : નાણામંત્રી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૩ વિશ્વમાં ૨૦૨૩માં મંદીની વિશ્વ બેંકની આગાહી વચ્ચે નાણામંત્રી નિર્મલા સીતારામને જણાવ્યું હતું કે, મંદી આવશે તો તેમાં વિશ્વના દેશોનું દેવાનું સંકટ જ જવાબદાર હશે તેવું જણાવવાની સાથે ચેતવણી આપી હતી કે આ દેશો જેઓ દેવાનાં સંકટમાં ડૂબતા જાય છે તે અન્ય દેશોને પણ અસર કરશે અને આ આર્થિક મંદીના કારણે ફરી લાખો લોકો ગરીબી રેખાની નીચે ધકેલાઈ જશે.

હાલમાંજ વિશ્વ બેંકે ૨૦૨૩માં મંદીને ટાળી શકાશે નહી તેવું વિધાન કર્યુ હતું અને દિલ્હીમાં વોઈસ ઓફ ગ્લોબલ સાઉથના વર્ચ્યુઅલ શિખર સંમેલનને સંબોધતા નાણામંત્રી સીતારામને જણાવ્યું હતું કે હાલના રાજકીય તનાવ અને ૨૦૨૦ બાદની કોરોના મહામારીના કારણે વૈશ્વિક દેશોના દેવાની માત્રા વધારી છે અને સૌથી વધુ ચિંતા તેનાથી આર્થિક અસુરક્ષાનું વાતાવરણ પેદા થયું છે અને તેના કારણે વૈશ્વિક મંદી આવી શકે છે.

સીતારામને કહ્યું કે વૈશ્વિક સ્તરે દેવાના કારણે જે અસુરક્ષાની સ્થિતિ બની છે તે વધી રહી છે. આપણે જોઈ શકીએ છીએ કે અનેક દેશોના અર્થતંત્ર વિદેશી દેવા પરત ચૂકવણીમાં, ખાદ્ય સહિતની આયાતોમાં અને ઈંધણની જરૂરિયાતો પુરી કરવામાં અસમર્થ બની રહ્યા છે. તેઓએ જણાવ્યું કે ભારત મજબૂતીથી માને છે કે કોઈ પહેલી કે ત્રીજી દુનિયાનું હવે અસ્તિત્વ હોવું જોઈએ નહી આપણે સૌ ફકત એક જ દુનિયા છે અને સૌનું ભવિષ્ય સંયુક્ત રીતે નિર્ભર કરે છે અને સૌનું ભવિષ્ય પણ એક જ છે.

નાણામંત્રીએ જણાવ્યું કે કોવિડ મહામારી બાદ વિશ્વ ફરી સામાન્ય દિશામાં આગળ વધવાનો પ્રયાસ કરી રહ્યું છે આ સમયે જ વૈશ્વિક મંદી ઉપરાંત આપણે જલવાયુ પરિવર્તન અને અનેક ક્ષેત્રીય રાજકીય તનાવ, યુદ્ધ જેવા પડકારો પણ છે જે આપણા વિકાસ તથા આર્થિક પ્રગતિને પ્રભાવિત કરી શકે છે અને તેનાથી સર્જાયેલી અસુરક્ષતાની સ્થિતિનો આપણે મજબૂત પ્રતિભાવ આપવાનો છે.

## વિશ્વની સૌથી લાંબી રીવર ક્રુઝ 'ગંગા વિલાસ'ને વડાપ્રધાને લીલીઝંડી બતાવી

નવી દિલ્હી તા. ૧૩ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ગંગા વિલાસ ક્રુઝને વર્ચ્યુઅલી લીલી ઝંડી દેખાડી રવાના કર્યુ છે. વારાણસીના રવિદાસ ઘાટથી આ ક્રુઝ મુસાફરોને લઈને આસામ જવા માટે રવાના થયું છે. ૫૧ દિવસની મુસાફરી હશે. આ દરમ્યાન ક્રુઝ ૫૦ જગ્યાઓ પરથી પસાર થશે. જેમાં પર્યટકોને ગંગા કિનારાતો જોવા મળશે જ સાથેસાથે અહીંની સંસ્કૃતિની ઝલક પણ જોવા મળશે. આ અવસરે નરેન્દ્ર મોદીએ કહ્યું કે દેશના ગૌરવશાળી વારસા અને એક ભારત-શ્રેષ્ઠ ભારતની ભાવના લઈને ગંગા વિલાસ પર્યટકોને આપણી સમૃદ્ધ ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધાર્મિક પરંપરાઓની સાથે સાથે 'નવા ભારત'નું પણ અવલોકન કરાવશે.

વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધનમાં એમ પણ કહ્યું કે આજે લોહડીનો ઉમંગભર્યો તહેવાર છે. આવનારા દિવસોમાં ઉત્તારાયણ, મકર સંક્રાંતિ, ભોગી, બિહુ, પોંગલ જેવા અનેક તહેવારો આવશે. હું દેશ દુનિયામાં આ તહેવારો ઉજવતા લોકોને શુભેચ્છાઓ પાઠવું છું. આજે કાશીથી ડિબ્રુગઢ વચ્ચે દુનિયાની સૌથી મોટી નદી જળયાત્રા ગંગા વિલાસ ક્રુઝનો શુભારંભ થયો છે. તેનાથી પૂર્વ ભારતના અનેક પર્યટક સ્થળ વર્લ્ડ ટુરિઝમના મેપ ઉપર વધુ પ્રમુખતાથી આવવાના છે. ૨૦૧૪માં ફકત પાંચ રાષ્ટ્રીય જળમાર્ગ ભારતમાં હતા. આજે ૨૪ રાજયોમાં ૧૧૧ રાષ્ટ્રીય જળમાર્ગોને વિક્સિત કરવાનું કામ થઈ રહ્યું છે. તેમાંથી લગભગ બે ડઝન જળમાર્ગો ઉપર સેવાઓ ચાલુ છે.

ગંગા વિલાસ ક્રુઝમાં જિમ, સ્પા સેન્ટર, લેક્ચર હાઉસ, લાઈબ્રેરી છે. ૪૦ ક્રુ મેમ્બર પણ ક્રુઝમાં સવાર લોકોને તમામ સુવિદાઓ ઉપલબ્ધ કરાવવા માટે હાજર રહેશે. ગંગા વિલાસ ક્રુઝમાં મુસાફરોને ફાઈવ સ્ટાર હોટલથી પણ વધુ ઉત્તમ સુવિધાઓ મળશે. આ જહાજને ખાસ કરીને વારાણસી અને ગંગા બેલ્ટના ધાર્મિક પર્યટન પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે ડિઝાઈન કરાયું છે.

## કાશ્મીરનાં બાલતાલ - સોનમર્ગમાં બરફનું ભયાનક તોફાન : સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડી કાળો કેર વર્તાવશે

શ્રીનગર તા.૧૩ : કાશ્મીરમાં ભારે હિમવર્ષા વચ્ચે બાલતાલ ક્ષેત્રમાં બરફનું જોરદાર તોફાન સર્જાયુ હતું. અનેક મીટર ઉંચા બરફના મોજા ઉછળ્યાના દ્રશ્યો સર્જાયા હતા અને સમગ્ર આકાશ બરફથી ઢંકાયાની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. જેમાં બે લોકોના મોત નિપજયા હતા. બીજી તરફ રાજયમાં વધુ હિમવર્ષાની આગાહી હવામાન વિભાગે કરી છે અને ઉતર ભારતમાં અનેક સ્થળોએ તાપમાન માઈનસમાં સરકવા સાથે ધ્રુજાવતી ઠંડી પડવાની ચેતવણી જાહેર કરવામાં આવી છે. કાશ્મીરના ગંદરબાલ જીલ્લાના બાલતાલ નજીક બરફનું ભયાનક તોફાન ત્રાટકયુ હતું અને તે દરમ્યાન અનેક મીટર ઉંચો બરફ આકાશ તરફ ઉડયો હતો. આસપાસના અનેક ભાગો તેની ઝપટમાં ગયા હતા. થોડી ક્ષણોમાં જ આકાશ બરફથી ઢંકાઈ ગયુ હતું. આસપાસના દુર-દુરના વિસ્તારોમાં બરફ ખાબકયો હતો. બાલતાલ તથા સોનમર્ગના જોઝીલા ક્ષેત્રમાં બરફનું આ તોફાન ત્રાટકયુ હતું. હવામાન વિભાગ દ્વારા અગાઉ જ બરફના તોફાનની આશંકા દર્શાવવામાં આવી હતી

અને કેટલાંક ભાગોમાં અવરજવર ઉપર પ્રતિબંધ મુકી દીધો હતો. આ ક્ષેત્રમાં વસવાટ નહી હોવાથી જાનમાલને કોઈ મોટુ નુકશાન ન હતું છતાં હિમવર્ષાથી બે લોકોના મોત નિપજયાના રિપોર્ટ છે. બીજી તરફ હવામાન વિભાગે ઉત્તર ભારતમાં ઠંડીનો પ્રકોપ વધુ તીવ્ર-ગંભીર બનવાની ચેતવણી આપી છે. સોમથી બુધવાર વચ્ચે દિલ્હીમાં તાપમાન એક ડીગ્રી તથા રાજસ્થાનના કેટલાંક ભાગોમાં માઈનસમાં ઉતરી જવાની શકયતા છે. વેસ્ટર્ન ડીસ્ટર્બન્સનો પ્રભાવ ખત્મ થતાની સાથે જ આવતીકાલથી ઠંડી બોકાસો બોલાવશે અને ૧૯ જાન્યુઆરી સુધી કોલ્ડવેવનો તિવ્ર દોર જારી રહેશે.

## સુપ્રિમ કોર્ટ આકરા પાણીએ કોલેજીયમની ભલામણો માનવા કેન્દ્ર સરકાર બંધાયેલી છે

નવી દિલ્હી તા. ૧૩ એક કડક રીમાઈન્ડરમાં, સુપ્રીમ કોર્ટના કોલેજિયમે કાયદા મંત્રાલયને પત્ર લખીને ભારપૂર્વક જણાવ્યું છે કે ન્યાયાધીશોના પસંદગી મંડળ દ્વારા જો નિર્ણય ફરી પુનરાવર્તિત કરવામાં આવ્યો હોય તો સરકાર ન્યાયાધીશોની નિમણૂક અંગે કોલેજીયમની ભલામણોનો અમલ કરવા બંધાયેલી છે.

## અમીત શાહ આજે જમ્મુની મુલાકાતે પહોંચ્યા

જમ્મુ તા. ૧૩ કાશ્મીરમાં ફરી એક વખત કાશ્મીરી પંડિતો તથા બિન કાશ્મીરીઓને નિશાન બનાવી ત્રાસવાદીઓ દ્વારા કરવામાં આવી રહેલી હત્યાથી ફરી એક વખત સર્જાયેલા દહેશતના માહોલ વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ આજે જમ્મુની મુલાકાતે પહોંચ્યા છે અને ખાસ કરીને હાલમાં રાજૌરીમાં ત્રાસવાદીઓ પંડિતોના આવાસને ટાર્ગેટ કરી જે ચાર લોકોની હત્યા કરી હતી તેના હતભાગી પરિવારોને મળશે તથા ત્રાસવાદીઓની આ નવી ચાલને નિષ્ફળ કરવા માટેની રણનીતિ બદલવા અંગે ચર્ચા કરશે. એક તરફ કેન્દ્ર સરકાર જમ્મુ-કાશ્મીરમાં નવા સિમાંકન બાદ વિધાનસભા ચૂંટણીઓ યોજવા માટેની તૈયારી કરી રહી છે તે વચ્ચે પંડિતો ઉપર નવેસરથી સર્જાયેલા ભયથી અહી કાશ્મીરી પંડિતોને પુનઃ વસાવવાની યોજનાને પણ ધકકો લાગ્યો છે.

તે સંદર્ભમાં અમિત શાહની આ મુલાકાત મહત્વની છે. તેઓ જમ્મુ ખાતે ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજશે તેમની સાથે ગૃહ તથા સંરક્ષણ મંત્રાલયના કેટલાક ઉચ્ચ અધિકારીઓ પણ જમ્મુ આવી રહ્યા છે.

બાદમાં અમિત શાહ રાજૌરી જઈને પિડિત પરિવારોને મળશે તથા આ પરિવારના એક સભ્યને સરકારી નોકરીનો નિયુક્તિ પત્ર આપશે.

### રાજસ્થાનનાં અલવરમાં બનેલી જઘન્ય ઘટના

## ૧૫ વર્ષની સગીરા ઉપર ચાર નરાધમ કાકાઓએ ગેંગરેપ કર્યો

અલવર, તા.૧૩ રાજસ્થાનના અલવરમાં માનવતાને શરમાવે તેવી ઘટના સામે આવી છે.

ચાર કાકાઓએ મળીને ૧૫ વર્ષની સગીર ભત્રીજી ઉપર ગેંગરેપ કર્યો હતો. બળાત્કાર બાદ પીડિતાને પણ ૪ દિવસ સુધી બંદી બનાવીને રાખવામાં આવી હતી. ઘટનાના લગભગ એક મહિના પછી ગુરૂવારે પરિવારના સભ્યોએ જિલ્લાના રામગઢ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાવ્યો છે.

પીડિતાએ એફઆઈઆરમાં જણાવ્યું કે, તેને ૪ દિવસ સુધી બંધક બનાવીને આરોપીઓએ ગન પોઈન્ટ ઉપર તેની સાથે ગેંગરેપ કર્યો. મોઢામાં કપાસ ભરીને હાથ-પગ બાંધીને આ બર્બર ઘટનાને અંજામ આપવામાં આવી હતી. પોલીસ યુવતીના નિવેદનના આધારે પોક્સો એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. મામલાની પુષ્ટિ કરતા પોલીસ અધિકારીએ કહ્યું કે છોકરી તેની માતા અને ભાભી સાથે પોલીસ સ્ટેશન પહોંચી. ફરિયાદ બાદ POCSO એક્ટની યોગ્ય કલમો હેઠળ FIR નોંધવામાં આવી છે. એસપી રેન્કના અધિકારીને તપાસ સોંપવામાં આવી છે.

## મુંબઈ સ્થિત અંબાણી સ્કુલને ઉડાવી દેવાની ધમકી આપનાર આરોપી વિક્રમસિંહ મોરબીથી ઝડપાયો

રાજકોટ તા. ૧૩ મુંબઈના બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ વિસ્તારમાં આવેલી ધીરુભાઈ અંબાણી સ્કૂલને ઉડાવી દેવાની ધમકી આપનાર આરોપી ઝડપાઈ ગયો છે. સ્કૂલને ઉડાવી દેવાની ધમકી આપનાર આરોપી વિક્રમ સિંહ નામના શખ્સની ગુજરાતના મોરબીમાંથી ધરપકડ કરવામાં આવી છે. મુંબઈ પોલીસે આ માહિતી આપી છે. ધમકી બાદ પોલીસે આરોપી સામે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. પોલીસ આરોપીની શોધમાં હતી. જે હવે પકડાઈ ગયો છે

બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ વિસ્તારમાં આવેલી ધીરૂભાઈ અંબાણી સ્કૂલને બુધવારે સાંજે લગભગ ૪.૩૦ વાગ્યે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. આ કેસમાં મુંબઈ પોલીસે આઈપીસી કલમ ૫૦૫ (૧) (બી) અને ૫૦૬ હેઠળ કેસ નોંધ્યો હતો.

## જૂન સુધીમાં દેશમાં ૭૦ લાખ લગ્નો થશે રૂા. ૧૩ લાખ કરોડનો વેપાર થશે

નવી દિલ્હી,તા.૧૩: ગત વર્ષે નવેમ્બર-ડિસેમ્બરમાં લગ્નની સિઝન ઘણાં લગ્નો થયા પછી હવે જાન્યુઆરીથી માંડી જૂન મહિના સુધી લગ્નની સિઝન રહેશે. હવે લગ્નની સિઝન-૨૦૨૩ નાં ૧૫ જાન્યુઆરીથી શરૂ થઈને જૂન મહિના સુધી ચાલશે. જેના કારણે બજારમાં અત્યારથી જ ધમધમાટ શરૂ થઈ ગયો છે. છેલ્લી સિઝનમાં બમ્પર કારોબાર બાદ દેશના વેપાર જગતમાં પણ ઉત્સાહ છવાયો છે. પરિણામે દિલ્હીના બજારો સહિત દેશભરના વેપારીઓ પણ આ છ મહિનાની સિઝનની તૈયારી કરી રહ્યા છે.

૧૫ જાન્યુઆરીથી શરૂ કરીને જૂન સુધી લગભગ ૬ મહિનામાં લગ્નની સિઝનમાં દેશમાં લગભગ ૭૦ લાખ લગ્નો થવાનો અંદાજ છે. જેના કારણે માત્ર લગ્નોના કારણે આ સિઝનમાં ૧૩ લાખ કરોડ રૂપિયાથી વધુનો બિઝનેસ થવાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે.


સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ
(જૂનાગઢ આવૃતિ)
**અંક બંધ**
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય (જૂનાગઢ આવૃતિ) મકરસંક્રાંતિ પર્વ નિમિતે રજા પાળતું હોય, તા. ૧૪-૧-૨૦૨૩નો અંક પ્રસિધ્ધ થશે નહી. તા. ૧૬-૧-૨૩ સોમવારનો અંક રાબેતા મુજબ પ્રસિધ્ધ થશે. જેની વાંચકો, વિજ્ઞાપન દાતાઓ, ફેરીયાઓએ નોંધ લેવી.
-વ્યવસ્થાપક

**લકઝરીયસ બંગ્લો વેચવાનો છે**
દોમડીયાવાડીની બાજુમાં,કાળવા ચોક SBI ની સામે, ગીરીકુંજ સોસાયટીમાં, વ્યાજબી ભાવે બંગલો વેચાણમાં. ૧૫૨ વાર, નવું બાંધકામ,પાંચ રૂમ, ડ્રોઈંગ રૂમ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર, ફુલ ફર્નિશ્ડ,ઉત્તરાભિમુખ, સ્વતંત્ર બોર. ટાઈટલ કલીઅર. ભૂલશો તો ચૂકશો
**૧ કરોડ અને ૧૦ લાખનો બંગ્લો ફકત રૂા. ૬૮ લાખમાં જ**
**સંપર્ક : ૭૫૭૫૮૦૬૫૮૫**

**ઓફિસ વેચાણ / ભાડે / લીઝથી**
ફુલ આધુનિક ફર્નિચર, CCTV કેમેરા, નવું બિલ્ડીંગ, લીફટ, રોડ ફેસિંગ, ૬૨૨ ચો.ફુટ જગ્યા, જૂનાગઢના મધ્યમાં. CA, કલાસીસ, બેંક, ફાઈનાન્સ કું., IT કંપની, ટ્રેનિંગ સેન્ટર માટે મોકાની જગ્યા ખૂબજ વ્યાજબી ભાવે તાત્કાલીક આપવાની છે.
**સંપર્ક : ૯૪૨૬૧ ૬૫૨૧૫**

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ : જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જગ્યાએ ઉપલબ્ધ**
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...


પીઆરપી ટ્રીટમેન્ટ ફોર હેર ગ્રોથ


**ડો. કેયુર ચોવટીયા**
M.B., D.V.D. (SKIN)
CONSULTANT
DERMATOLOGIST AND
COSMEROLOGIST
ન્યુ લુક
● સ્કીન ● કોસ્મેટીક ● ફિટનેસ
બીજો માળ, જે.બી. કોમ્પ્લેક્ષ, બસસ્ટેશનની સામે, શિવ શકિત ટ્રાવેલ્સ વાળી ગલી - જૂનાગઢ
મો.૬૩૫૩૩ ૮૩૬૨૬

# ભવનાથ પોલીસ દ્વારા ચાર વર્ષનાં બાળકને પરીવાર સાથે ભેટો કરાવ્યો

જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢ રેંજના આઈ.જી.પી. મયંકસિહ ચાવડા તથા જૂનાગઢના એસ.પી. રવિ તેજા વાસંમ શેટીતથા જૂનાગઢ ડિવિઝનના ડી.વાય.એસ.પી. હિતેશ ધાંધલીયાની સૂચનાથી હાલમાં ભવનાથમાં ટુરિસ્ટોની સંખ્યા વધારે હોય કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તેમની સૂચનાથી ભવનાથ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. મહિપતસિંહ ચુડાસમા તથા સ્ટાફના માણસો ભવનાથ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન એક આશરે ચારેક વર્ષનું બાળક જેને તેનું નામ સરનામું કાંઈ પણ આવડતું ન હોય અને એકલું રડતું રડતું આમ તેમ ફરતું જોવામાં આવતા તૂરત જ આ બાળકને



પોતાની પાસે લઈ બિસ્કીટ કેળા ખવડાવી આશ્વાસન આપી પૂછતા કાંઈ નામ જણાવતો ન હતો આથી આ બાળકને સાથે રાખી તપાસ કરતા અને માણસોની અલગ અલગ ટીમો બનાવી ભવનાથ વિસ્તારમાં તપાસ કરાવતા વડોદરા જિલ્લાના ડેસર તાલુકાના ધરકુડી ગામના સંજય પ્રતાપભાઈ રાઠોડ નામના વ્યક્તિ જેમના પત્ની સાજનબેન સાથે ફરવા આવેલ હતા અને તેઓ ગિરનાર જઈ આવતા થાકેલ હોય આરામ કરતા હતા ત્યારે તેમના ખ્યાલ બહાર તેમનો પુત્ર ધ્રુવીલ ઉંમર વર્ષ ૪ વાળો ક્યાંક જતો રહ્યો હોય અને પોતે શોધતા હોય પણ મળેલ ન હોય અને ખૂબ જ ચિંતામાં હતા પરંતુ પોલીસે તેમનું બાળક શોધી તેઓને તમામને પોલીસ સ્ટેશન ખાતે લાવી ખાતરી કરી બાળકને આ તેના માતા પિતાને સોંપી આપેલ હતું અને બાળક માતાને મળતા ગળે વળગી રડવા લાગે હતું. આ સંજયભાઈ તથા સાજણબેને જૂનાગઢ પોલીસનું આભાર માન્યો હતો. ફરી એક વખત જૂનાગઢ ભવનાથ પોલીસ પ્રજાનો મિત્ર છે તે સાબિત કરેલ છે.

# ભવનાથ ખાતે ચાલતી ભુર્ગભ ગટરની કામગીરી શીવરાત્રીના મેળા પહેલા પૂર્ણ કરવા માંગ

જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢના અગ્રણી અમૃતભાઈ દેસાઈએ મુખ્યમંત્રીને એક વિસ્તૃત પત્ર પાઠવી અને ભવનાથ વિસ્તારમાં થતા ભુર્ગભ ગટરની કામગીરી તત્કાલ પૂર્ણ કરવા રજૂઆત કરી છે. આ પત્રમાં વધુમાં જણાવેલ છે કે, જૂનાગઢ ખાતે આગામી ફેબ્રુઆરી મહિનામાં મહા શિવરાત્રીનો ભવ્યમેળો યોજાનાર છે તેમજ આ મેળાને લઘુ કુંભમેળાનો દરજજો આપવામાં આવ્યો છે ત્યારે આવનાર લાખો શ્રધ્ધાળુઓ ની સગવડતાને ધ્યાને રાખીને છેલ્લા ઘણા સમયથી ધીમી ગતિએ ચાલી રહેલા ભુગર્ભ ગટર યોજના ના કામ ને ગતિ લાવવા માટે જે તે વિભાગને જરૂરી સુચના આપવામાં આવે તેવી અપેક્ષા રાખવામાં આવી છે.

આ સાથે અગાઉ પણ ગિરનાર પરિક્રમા મેળા પહેલા ભવનાથ તળેટી વિસ્તારમાં ભુગર્ભ ગટર યોજનાના કામને ઝડપથી પુર્ણ કરવા માટે ભારપૂર્વક રજૂઆત કરી હતી જે ઈમેલની નકલ સામેલ છે ત્યારે હવે ટુંક સમયમાં લઘુ કુંભમેળા (શિવરાત્રી મેળા)નું આયોજન થનાર છે ત્યારે આવનાર લાખો યાત્રિકોને પડનાર મુશ્કેલીને ધ્યાને રાખી ને ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા ચાલતા ભુગર્ભ ગટર યોજના ના કામ મા ગતિ લાવવા માટે આપના દ્વારા યોગ્ય સુચના આપવામાં આવે એ અપેક્ષા છે હાલમાં હવે માત્ર થોડું કામ બાકી છે જે રાત દિવસ કામ કરી ઝડપથી પુર્ણ થઈ જાય અને મજેવડી દરવાજાથી ભવનાથ તળેટી સુધી રસ્તાનું કામ ઝડપથી પૂર્ણ થાય એ માટે પાણી પુરવઠા બોર્ડ અને જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનને આપના દ્વારા તાકીદ કરવામાં આવે તેવી અપેક્ષા પત્રના અંતે કરવામાં આવી છે.

# રાવલ નગરપાલિકામાં ભડકો : શાસક જૂથના સભ્યો તથા વિપક્ષો દ્વારા પ્રમુખ, ઉપપ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત

## સત્તાધારી વ્યવસ્થા પાર્ટીના બે સભ્યો સસ્પેન્ડ કરાયા : એક મહિનામાં સત્તાધારી જૂથ ખાસ બેઠક નહીં બોલાવે તો પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને મીટીંગ યોજાશે

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાની કલ્યાણપુર તાલુકાની રાવલ નગરપાલિકા કે જે ભાજપ કે કોંગ્રેસના બદલે નવી જ પાર્ટી એવી વ્યવસ્થા પરિવર્તન પાર્ટી પાસે છે. અહીં સત્તાધારી જૂથના સભ્યોને સાથે રાખી અને ભાજપ કોંગ્રેસના બહુમતી સભ્યો દ્વારા નગરપાલિકાના પ્રમુખ તથા ઉપપ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરવામાં આવતા સ્થાનિક રાજકારણમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. કલ્યાણપુર તાલુકાના રાવલ નગરપાલિકામાં વર્ષ ૨૦૨૦માં યોજાઈ ગયેલી સામાન્ય ચૂંટણીમાં કુલ ૨૪ સભ્યો પૈકી ૧૨ સભ્યોની બહુમતીથી સ્થાનિક પાર્ટી એવી વ્યવસ્થા પરિવર્તન પાર્ટીનું શાસન સ્થપાયું હતું. જ્યારે રાવલ પાલિકામાં હાલ ભાજપના ૮ તથા કોંગ્રેસના ૩ સભ્યો વિજેતા બન્યા છે. હાલ અહીં પાલિકા પ્રમુખ તરીકે મનોજભાઈ જાદવ તથા ઉપપ્રમુખ તરીકે લીલુબેન વિજયભાઈ સોલંકી સત્તા ઉપર છે. રાવલ નગરપાલિકામાં વ્યવસ્થા પરિવર્તન પાર્ટીના વોર્ડ નંબર એકમાંથી ચૂંટાયેલા લલીતભાઈ લક્ષ્મણભાઈ જાદવ દ્વારા પરિવર્તન પાર્ટીના સભ્યો ઉપરાંત ભાજપના તેમજ કોંગ્રેસના મળી કુલ ૧૭ સભ્યોની સંયુકત સહીઓથી નગરપાલિકાના પ્રમુખ તથા ઉપપ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત જિલ્લા કલેકટર સમક્ષ રજૂ કરવામાં આવી છે. આ અવિશ્વાસની દરખાસ્તમાં જણાવાયેલા કારણોમાં પાલિકાના પ્રમુખ તથા ઉપપ્રમુખ દ્વારા સ્થાનિક સદસ્યો સાથે સંકલનમાં રહી અને કામ થતું ન હોય, તેઓને વિશ્વાસમાં પણ લેવાતા ન હોવા ઉપરાંત સરકારની ગ્રાન્ટને મન ફાવે તેમ બિનજરૂરી રીતે ખર્ચ કરવામાં આવે છે. નગરપાલિકામાં બિનજરૂરી વાહનો લઈને ભ્રષ્ટાચાર થયો હોવાની આશંકા ઉપરાંત કચરાનો વ્યવસ્થિત રીતે નિકાલ ન થતો હોવા સહિતના મુદ્દે અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. આમ ઉપરોક્ત મુદ્દે સત્તાધારી વી.પી.પી., ભાજપ તથા કોંગ્રેસના ૧૭ સદસ્યોની સંયુક્ત




સહિઓથી જિલ્લા ક્લેકટર, પ્રાંત અધિકારી તથા ચીફ ઓફિસરને અવિશ્વાસની દરખાસ્ત મોકલવામાં આવી છે. વ્યવસ્થા પરિવર્તન પાર્ટી જામ રાવલના વિકાસમાં નિષ્ફળ ગઈ હોવાનું જણાવી, આ જ પાર્ટીના સદસ્યોએ હવે ભાજપના સમર્થન સાથે પ્રમુખ-ઉપપ્રમુખને હોદ્દા ઉપરથી હટાવવા અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરવામાં આવતા ભારે ચર્ચા જાગી છે. આ દરખાસ્ત બાદ નગરપાલિકાના પ્રમુખ દ્વારા આગામી ૧૫ દિવસમાં ખાસ બેઠક બોલાવવા માટે જણાવવામાં આવ્યું છે. પ્રમુખ જો આ બેઠક નહીં બોલાવે તો આ તે પછીના ૧૫ દિવસમાં ઉપપ્રમુખે ખાસ બેઠક બોલાવી અને વિશ્વાસનો મત રજૂ કરવો પડશે. એક મહિનાના સમયગાળા દરમિયાન પ્રમુખ, ઉપપ્રમુખ જો બેઠક બોલાવવામાં સફળ નહીં થાય તો પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને આ બેઠક યોજવામાં આવશે. ૨૪ પૈકી ૧૭ સભ્યો હાલ સત્તાધારી જૂથની વિરોધમાં છે. જેથી આગામી સમયમાં સત્તા પરિવર્તન આવે તો નવાઈ નહીં તેવું ચિત્ર ખડું થયું છે. આ વચ્ચે વધુમાં જાણવા મળતી વિગત મુજબ વી.પી.પી.ના નેતાઓ દ્વારા અવિશ્વાસની દરખાસ્ત અંગેની કામગીરી કરવા સબબ વોર્ડ નંબર એકના સદસ્ય લલીતભાઈ લક્ષ્મણભાઈ જાદવ તથા વોર્ડ નંબર ૬ ના સદસ્ય હોથીભાઈ બાબુભાઈ ગામી ગામના બે સભ્યોને મંગળવારે બરતરફ તરફ કરતો હુકમ કરવામાં આવ્યો છે. જેથી સ્થાનિક રાજકારણમાં ભારે ચકચાર મચી જવા પામી છે. તાજેતરમાં યોજાઈ ગયેલી વિધાનસભાની ચૂંટણીમાં કલ્યાણપુરની દ્વારકા બેઠકમાં કોંગ્રેસને વધુ મતો મળ્યા હતા. આગામી ફેબ્રુઆરી માસમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાની સલાયા, દ્વારકા તથા ભાણવડ નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. ખંભાળિયાની વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે ભાજપનું શાસન આવતા તાજેતરમાં ભાણવડ નગરપાલિકાની બેઠકમાં વર્તમાન કોંગ્રેસના શાસનમાં કોંગ્રેસ અને ભાજપના સભ્યોની બહુમતીથી બેઠકમાં ઠરાવો નામંજૂર થયા હતા. ત્યારબાદ હવે રાવલ નગરપાલિકામાં પણ માત્ર બે વર્ષના સમયગાળામાં સખળ-ડખળ શરૂ થયું છે.

# ખંભાળિયાની આરટીઓ કચેરી ખાતે રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત કાર્યક્રમ યોજાયો



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

ખંભાળિયાની આર.ટી.ઓ. કચેરી ખાતે ગઈકાલે રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કલેકટર એમ.એ.પંડ્યા અને જિલ્લા પોલિસ વડા નિતેશ પાંડેયના માર્ગદર્શન હેઠળ અલગ અલગ જગ્યાએ તા. ૧૭ જાન્યુઆરી સુધી નેશનલ રોડ સેફ્ટી વિકની ઉજવણી કરવામાં આવશે. ભારત સરકાર દ્વારા માર્ગ અકસ્માતના ઘટાડા અને રોડ સેફ્ટી અર્થે વિવિધ કામગીરી તથા કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે, જેના અનુસંધાને ભારત સરકાર દ્વારા દર વર્ષે નેશનલ રોડ સેફ્ટી વિકની ઉજવણી કરવામાં આવે છે અને રોડ સેફ્ટી પ્રમોટ કરવા વિવિધ પ્રવૃતિઓ પણ કરવામાં આવે છે. રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા એ.આર.ટી.ઓ. અધિકારી તલસાનિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં અનેક લોકો અકસ્માતમાં મૃત્યું પામે છે અથવા ગંભીર રીતે ઘાયલ થતા હોય છે. જેમાં લોકો ટ્રાફિક નિયમનું પાલન કરે અને રોડ ઉપર સલામતીથી વાહન ચલાવે તો પોતાની અમૂલ્ય જિંદગી બચાવી શકાય છે. વધુમાં તેઓ આગામી તા.૧૭ જાન્યુઆરી સુધી અલગ અલગ કાર્યક્રમો કરીને લોકોને ટ્રાફિક અંગે જાગૃત કરવાનું કામ પણ કરશે. ટ્રાફિક શાખાનાના પી.એસ.આઈ. એન.ડી. કાલોતરા, આરોગ્ય વિભાગના ડો. પાર્થ, અહીંના ઉદ્યોગપતિ પરાગભાઈ બરછા, હિતેન્દ્ર આચાર્ય, લાયન્સ ક્લબના વિનુભાઈ બરછા અને રેડ ક્રોસ સંસ્થાના પંકજભાઈ પંડ્યાને પણ લોકોને ટ્રાફિક અંગે ઉદબોધન કર્યા હતા. રોડ સેફ્ટી બાબતે શેરી નાટકો, હેલ્મેટ, સીટ બેલ્ટ અને ચાલુ વાહને મોબાઈલના ઉપયોગ બાબતે જન જાગૃતિ કેમ્પઈન, ડ્રાઈવર તાલીમ અને શાળા તથા કોલેજમાં માર્ગ સલામતીલક્ષી સેમિનાર સહિતના કાર્યક્રમો યોજાશે.

# વર્ષ ૨૦૨૩ની મકરસંક્રાંતિ અને તેનું ફળ

મકરસંક્રાંતિનો મહિમા

ભારતમાં મકરસંક્રાંતિનું પર્વ દેશના બધા જ પ્રદેશોમાં ભારે ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે. મકરસંક્રાંતિનું પર્વ ભગવાન શ્રી સૂર્યનારાયણ સાથે સંબંધ ધરાવે છે. સામાન્ય રીતે સૂર્યનારાયણ ભગવાન એક રાશી છોડી બીજી રાશીમાં પ્રવેશ કરે છે તેને જ્યોતિષ અને ખગોળની ભાષામાં સંક્રાંતિ તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે ૧૪મી જાન્યુઆરીના દિવસે સૂર્ય ગુની રાશી ધન રાશી છોડી અને શનિની રાશી મકર રાશીમાં પ્રવેશ કરે છે. શનિદેવ ભગવાન શ્રી સૂર્યનારાયણ દેવના પુત્ર છે. શ્રીમદ્ ભગવત્ અને દેવી ભાગવત્ આ બન્ને પુરાણો મુજબ એક એવી કથા છે કે શનિદેવને પોતાના પિતા પ્રત્યે વેરભાવ ઉત્પન્ન થયો હતો કારણ કે, સૂર્યનારાયણ દેવના બે પત્ની સંજ્ઞાદેવી અને છાયાદેવી છે. સંજ્ઞાદેવીના પુત્ર શનિદેવ છે. એક વખત સૂર્યનારાયણ ભગવાને જોયું કે, છાયાદેવી સંજ્ઞાદેવીના પુત્ર યમરાજા સાથે ભેદભાવ રાખી અને અન્યાય કરે છે તેથી નારાજ થઈ સૂર્યનારાયણ ભગવાને છાયાદેવી અને પુત્ર શનિદેવને પોતાનાથી અલગ કરી દીધા તેથી છાયાદેવી અને શનિદેવે સૂર્યનારાયણ ભગવાનને કુષ્ઠ રોગ થાય તેવો શ્રાપ આપ્યો. પરિણામે પિતા ભગવાન શ્રી સૂર્યનારાયણને કુષ્ઠ રોગ થયો. પિતાની પીડા જોઈ યમરાજા અત્યંત દુઃખી થઈ ગયા. પિતાને કુષ્ઠ રોગમાંથી મુક્ત કરાવવા માટે તેમણે ઉગ્ર તપ આદરી દીધું. બીજી બાજુ ભગવાન સૂર્યનારાયણ અત્યંત ક્રોધે ભરાયેલા હોઈ તેની અસરના ભાગરૂપે તેમના પત્ની છાયાદેવી અને પુત્ર શનિદેવને અત્યંત કષ્ટ પડવા માંડ્યું તે પણ યમરાજાથી ન જોવાયું અને તેઓ વધુ દુઃખી થઈ ગયા તેથી પિતા સૂર્યનારાયણ ભગવાનને ખૂબ સમજાવ્યા આથી સૂર્યનારાયણ ભગવાન પુત્ર શનિદેવના ઘરે મકર રાશીમાં જવા તૈયાર થયા. તેઓએ મકર રાશીમાં પ્રવેશ કરતાં છાયાદેવી અને શનિદેવે શ્રી સૂર્યનારાયણ ભગવાનને શ્રાપમાંથી મૂક્ત કર્યા અને માતા-પુત્ર પણ કષ્ટમાંથી મુક્ત થયા. આ પ્રસંગે પ્રસન્ન થયેલા શનિદેવે કહ્યું કે, આજના દિવસે એટલે કે મકરસંક્રાંતિના દિવસે મારા પિતા સૂર્યનારાયણની જે પૂજા કરશે તેને હું કષ્ટ નહીં આપું. મુહૂર્ત શાસ્ત્ર અને જ્યોતિષ શાસ્ત્ર માટે પણ આ ''ઉતરાયણ'' તરીકે ઓળખાતા સમયે યજ્ઞ, દેવ પ્રતિષ્ઠા, નૂતન ભવન નિર્માણ, નૂતન ગૃહપ્રવેશ, અનુષ્ઠાન જેવા ઉત્તમ કાર્યો કરવાથી તેનું ખૂબ જ સારૂ ફળ પ્રાપ્ત થાય છે તેવા શાસ્ત્રોક્ત મત છે. વાત માત્ર એટલેથી જ નથી અટકતી, આ સમય દરમ્યાન મૃત્યું આવે તો તેને પણ મંગલમય માનવામાં આવ્યું છે. શાસ્ત્રોએ ઉતરાયણમાં મૃત્યું થાય તો તે મૃત્યુને શ્રેષ્ઠ કહ્યું છે. તેનું ઉદાહરણ મહાભારતમાં આપ્યું છે. બાણશૈયા ઉપર લાંબા સમયથી પોઢેલા ભીષ્મ પિતામહે ઉતરાયણના દિવસો આવવાની રાહ જોઈ હતી અને પોતાના તપના બળે ત્યાં સુધી પોતાના મૃત્યુંને રોકી રાખ્યું હતું. મકરસંક્રાંતિના દિવસે બ્રહ્મ મુહૂર્તમાં ગંગાજી, યમુનાજી, નર્મદાજી કે કોઈપણ જળાશયમાં સ્નાન કરવાનું અનેરું મહત્વ છે. આ દિવસે શેરડી, રીંગણા, ચોખા, તલ, ગોળ, મોગરી, બોર, ખીચડી, તલના લાડુ, ચીકી વગેરે ખાવા કે તેનું દાન કરવાનું વિશેષ મહત્વ છે. આ દિવસે ભગવાનને પણ ખીચડી રાંધી અને ધરવામાં આવે છે. આ પદાર્થોનું આ ઋતુમાં સેવન કરવાથી શરીરમાં ગજબની સ્ફૂર્તિ પેદા થાય છે તેથી દાનની સાથે-સાથે આ બધી વસ્તુનું સેવન પણ લોકો કરે છે. આ ઉપરાંત આ દિવસે વસ્ત્રોનું દાન કરવાનું પણ વિશેષ મહત્વ ગણાવાયું છે. વૈદિક કાળમાં આ પવિત્ર પર્વના દિવસથી જ ગુરૂકુળનું વેદાધ્યયનનું સત્ર શરૂ થતું હતું અને બાળકને ''ઉપનયન સંસ્કાર'' કરવામાં આવતો હતો. આ મકરસંક્રાંતિના પર્વ નિમિત્તે તલ-ગોળના પદાર્થોની એક-બીજાને ભેટ આપવાનું તેમજ પૂજા-પાઠ, યજ્ઞ વગેરે કરવાનું પણ મહત્વ બતાવાયું છે. શિવપુરાણમાં એવો ઉલ્લેખ જોવા મળે છે કે, મકરસંક્રાંતિના પર્વ નિમિત્તે શ્રધ્ધાળુ ભક્તોએ ઘી, પંચામૃત, શેરડીનો રસ વગેરેનો અભિષેક કરવો જોઈએ. તેમજ તલ, બિલીપત્ર, કમળના ફૂલ વગેરે ચડાવવાનો મહિમા છે. તેમજ પૂજા દરમ્યાન ''ૐ નમઃ શિવાય'' એ મંત્રનો જાપ કરતા રહેવું તેથી સુખ-સમૃધ્ધિની વૃધ્ધિ થાય છે. એક માન્યતા પ્રમાણે મકર સંક્રાંતિના પર્વના દિવસે દેવતાઓના દિવસોનો પ્રારંભ થાય છે. ધાર્મિક માન્યતા પ્રમાણે આ દિવસે સ્વર્ગના દરવાજા ખૂલે છે તેથી આ દિવસે કરેલા પૂજા-પાઠ, દાન-પૂણ્યનું વિશેષ ફળ પ્રાપ્ત થાય છે. આ દિવસનું વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ મહત્વ છે. સૂર્ય આ દિવસો દક્ષિણાયનમાંથી ઉતરાયણમાં પ્રવેશ કરતો હોઈ સમગ્ર પ્રકૃત્તિમાં પરિવર્તન શરૂ થાય છે. કડકડતી ઠંડીમાંથી રાહત મળવાની શરૂઆત થતાં વાતાવરણ ખુશ્નુમા બનવા લાગે છે. ભારત દેશ કૃષિપ્રધાન દેશ છે. જેના મોટા ભાગના તહેવારો અને પર્વ સીધા જ કૃષિ સાથે સંબંધ ધરાવે છે. મકરસંક્રાંતિ પર્વના સમયમાં ખરીફ પાકના મકાઈ, મગફળી, અડદ, ચણા, શેરડી ઘરે લાવે છે અને ઘર અન્નથી ભરાઈ જાય છે.

**મકરસંક્રાંતિનું રાશી પ્રમાણે ફળ**

મેષ (અ, લ, ઈ)

વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું. ખર્ચનું પ્રમાણ વધતું જણાય, કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા પ્રાપ્ત થાય.

વૃષભ (બ, વ, ઉ)

આવકમાં વધારો થાય. નવિન આયોજન કરી શકશો. નવી સ્ફૂર્તિ અને તાજગી અનુભવી શકશો. અટકેલા કાર્ય પૂર્ણ થાય.

મિથુન (ક, છ, ઘ)

આરોગ્ય ન કથળે તેની તકેદારી રાખવી. આકસ્મિક ધનલાભની પ્રાપ્તિ થાય. ભાગીદારીમાં સંભાળ રાખવી. યાત્રા-પ્રવાસ સફળ થાય.

**વિક્રમ સં. ૨૦૭૯, પોષ વદ-૮, તા.૧૪-૧-૨૦૨૩, શનિવારના રાત્રે ૮:૪૮ કલાકે ભગવાન શ્રી સૂર્યનારાયણ ધન રાશી છોડી પોતાના પુત્ર શનિદેવની મકર રાશીમાં પ્રવેશ કરશે તેથી મકર સંક્રાંતિનો પૂણ્યકાળ એટલે કે દાન-પૂણ્ય માટેનો શુભ સમય તા.૧૫-૧-૨૦૨૩ના રવિવારે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીરહેશે**

| રાશી | અક્ષર | ફળ | રાશી પ્રમાણે ઉત્તમ ફળ મેળવવા માટે દાનની વિગત |
|---|---|---|---|
| કર્ક<br>ધન<br>મીન | ડ, હ<br>ભ, ધ, ફ, ઢ<br>દ, ચ, ઝ, થ | અતિ ઉત્તમ | ત્રાંબાનું પાત્ર, લાલ તલ, લાલ વસ્ત્ર, ગોળ, ઘઉં, લાલ ફૂલ વગેરે |
| વૃષભ<br>સિંહ<br>મકર | બ, વ<br>મ, ટ<br>ખ, જ | ઉત્તમ | રૂપાનું (ચાંદીનું) પાત્ર, સફેદ વસ્ત્ર, સફેદ તલ, સાકર, ખાંડ, સફેદ ફૂલ, દૂધ, દહીં વગેરે |
| મેષ<br>વૃશ્ચિક<br>કન્યા | અ, લ, ઈ<br>ન, ય<br>પ, ઠ, ણ | મધ્યમ | પીત્તળ-કાંસાનું વાસણ, ચણાની દાળ, પીળું વસ્ત્ર, મધ, કેસર, ગાયનું ઘી, સૂવર્ણ વગેરે |
| મિથુન<br>તુલા<br>કુંભ | ક, છ, ઘ<br>ર, ત<br>ગ, શ, ષ, સ | કનિષ્ઠ | સ્ટીલનું વાસણ, કાળા તલ, કાળું વસ્ત્ર, કાળા અડદ, કાળી વસ્તુ, લોખંડની વસ્તુ વગેરે |

કર્ક (ડ, હ)

તમારા કાર્યક્ષેત્રમાં વિશેષ પ્રગતિદાયક અવસરની પ્રાપ્તિ થાય. આરોગ્ય અંગેની ચિંતા દૂર થાય. સુખમાં વધારો થાય.

સિંહ (મ, ટ)

ધાર્મિક કાર્યો કરવાનો લાભ પ્રાપ્ત થાય. આરોગ્ય ન બગડે તેની તકેદારી રાખવી. નોકરી-વ્યવસાયમાં પ્રગત્તિ થાય.

કન્યા (પ, ઠ, ણ)

યશ-માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. અટકેલા કાર્યો પૂર્ણ થાય. જૂની બિમારી હશે તો તેનો ઉકેલ મળશે. શત્રુવર્ગ ઉપર વિજય પ્રાપ્ત કરી શકશો.

તુલા (ર, ત)

વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડશે. વાદ-વિવાદથી દૂર રહેવું. વિદ્યાર્થીવર્ગ માટે આ સમય સારો છે. જીવનસાથીનો ખૂબ જ સારો સહયોગ પ્રાપ્ત થાય.

વૃશ્ચિક (ન, ય)

મનની ઈચ્છાઓ પૂરી થાય. આકસ્મિક ધનલાભની પ્રાપ્તિ થાય. આર્થિક સ્થિતિ મજબુત બને. નોકરી-વ્યવસાયમાં પ્રગતિ થાય.

ધન (ભ, ધ, ફ, ઢ)

યશ-માન-કીર્તિમાં વધારો થાય. નવી ઓળખાણ દ્વારા મહત્વના કાર્યમાં સફળતાની પ્રાપ્તિ થાય. યાત્રા-પ્રવાસ વિશેષ રહે.

મકર (ખ, જ)

ગૃહસ્થિજીવન કે વિદ્યાભ્યાસને લગતા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થાય. જમીન-જાયદાદને લગતા કાર્યોમાં સફળતા મળે.

કુંભ (ગ, શ, ષ, સ)

નવિન શુભ સમાચાર મળે. મિત્રાચારીમાં સંભાળ રાખવી. કાર્યક્ષેત્રમાં પ્રગત્તિ થાય. વડિલ વર્ગનો શુભ સહકાર પ્રાપ્ત થાય.

મીન (દ, ચ, ઝ, થ)

તમારા ધંધાકીય નવા આયોજનોમાં સફળતા પ્રાપ્ત થાય. નવી ઓળખાણ દ્વારા લાભની પ્રાપ્તિ થાય. પારિવારીક જીવનમાં આનંદમાં વધારો થાય.

**- કનકચંદ્ર છગનલાલ વ્યાસ - દેવેન કનકચંદ્ર વ્યાસ**

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# કેન્દ્રમાં સરકાર ગમે તે પક્ષની હોય વિકાસની વાત આવે ત્યારે મુખ્યમંત્રીએ સહકાર આપવો જોઈએ

ભારત જેવા લોકશાહી દેશમાં રાજકીય રીતે અલગ-અલગ મત ધરાવતા અને તેને વ્યકત કરવાનું ચલણ સામાન્ય રહ્યું છે, પણ રાજકીય મતમતાંતર જ્યારે રાજકીય હઠાગ્રહ કે કોઈ કાર્યક્રમની ગરિમાને નુકસાનીમાં પરિણમે ત્યારે તેના ઔચિત્ય સામે સવાલ ઊભા થતા હોય છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી તેમના કેન્દ્ર સરકાર સામેના આવા વલણને લીધે સતત ચર્ચામાં રહેતા આવ્યા છે. તાજેતરમાં હાવડાથી ન્યુજલપાઈગુડી વચ્ચેની વંદે ભારત ટ્રેનને રવાના કરવાના કાર્યક્રમમાં પણ મમતાએ વધુ એક વખત પોતાનો વિરોધ વ્યકત કરીને વિવાદ જગાવ્યો છે. આ કાર્યક્રમમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી હાવડા સ્ટેશને પહોંચ્યા ત્યારે પ્રેક્ષકોમાં હાજર ભાજપના કાર્યકરોએ જય શ્રીરામના સૂત્રો પોકારતા તેઓ નારાજ થઈ ગયા હતાં. કાર્યક્રમમાં ટ્રેનને લીલી ઝંડી આપવા તૈયાર કરેલા સ્ટેજ ઉપર ઉભા રહેવાનો ઈન્કાર કરીને મમતા બેનર્જી એક ખુરશી ઉપર બેસી રહ્યા હતાં. રેલવે મંત્રી અને રાજ્યપાલે તેમને સમજાવવાના પ્રયાસ પણ કર્યા, પણ તેઓ માન્યા ન હતાં. આ અગાઉ પણ મમતા વડાપ્રધાનની હાજરીમાં નારાજગી વ્યકત કરીને સ્ટેજ પરથી ઉતરી ગયાનો કિસ્સો નોંધાઈ ચૂક્યો છે.

જોકે એમાં કોઈ નવી બાબત નથી કે દરેક રાજકીય પક્ષના કાર્યકરો તેમના નેતા અને વિપક્ષી નેતાઓની વિરૂધ્ધ કાર્યક્રમોમાં સૂત્રોચ્ચાર કરતા હોય. મમતા બેનર્જી આવા સંખ્યાબંધ કિસ્સાનો સામનો કરી ચૂક્યા છે, પણ વળતી રોષભરી પ્રતિક્રિયા આપતા રહેતા હોવાને લીધે તેમને ગુસ્સે કરવા ટીખળી વિપક્ષી કાર્યકરો આવા સૂત્રોચ્ચાર કરતાં રહે છે. ખરેખર તો મમતા જેવા રાજનેતાએ આવા સૂત્રોચ્ચારને ગણકાર્યા વગર કાર્યક્રમમાં હાજરી આપવી જોઈતી હતી. આખરે તેમના રાજ્યનો આ ભારે મહત્વનો પ્રસંગ હતો. બીજી તરફ ભારતીય જનતા પક્ષે તેના કાર્યકરોને કાબુમાં રાખવા નેતાઓને સૂચના આપવી જોઈતી હતી, જેથી કેન્દ્ર સરકારના મંત્રાલય દ્વારા યોજાયેલા કાર્યક્રમની ગરિમા જળવાયેલી રહે. બીજી તરફ તૃણમૂલ કોંગ્રેસે કાર્યક્રમમાં તેના નેતાનું અપમાન થયાનો પ્રચાર કર્યો હોવાની બાબત પણ યોગ્ય ગણી શકાય નહીં. મમતા બેનર્જી હંમેશા કેન્દ્ર સરકાર સામે આકરા પાણીએ હોય છે અને એટલે આવા કાર્યક્રમોમાં તેમની નારાજગી ભભૂકી ઊઠતાં વાર લાગતી નથી હોતી. રાજકીય સમીકરણો માટે થઈને પક્ષીય આધારે મતભેદ કરવાની સામે કોઈને વાંધો હોય શકે નહીં, પણ કોઈ મહત્વના ઉદ્‌ઘાટનમાં નારાજગી કે અહંકારનો દેખાડો યોગ્ય ગણી શકાય નહીં. જે ટ્રેનનો આરંભ કરાયો તેનો લાભ બંગાળના લોકોને જ મળવાનો છે. આવી કેન્દ્રની કોઈ યોજનાનો જો રાજ્યને લાભ મળતો હોય ત્યારે મુખ્યમંત્રીએ રાજી થવું જોઈએ. આ રીતે નારાજગી વ્યક્ત કરીને તેઓ લોકશાહીની મર્યાદાઓનું ઉલ્લંઘન કરતાં હોય છે. ખરેખર તો મમતાએ રાજ્યના હિતોને અને જનતાના કલ્યાણને ધ્યાનમાં લઈને રાજકીય ગમા-અણગમાને ત્યજી દેવાની જરૂરત છે. ખરેખર તો રાજ્યના વિકાસની વાત આવે ત્યારે અણગમાને ત્યજી દેવાની જરૂરત છે. ખરેખર તો રાજ્યના વિકાસની વાત આવે ત્યારે કેન્દ્રમાં કોઈ પણ પક્ષની સરકાર હોય મુખ્યમંત્રીએ સહકારભર્યું વલણ લેવું જોઈએ એવી સામાન્ય સમજ મમતા બેનર્જીએ કેળવવાની જરૂરત વર્તાઈ રહી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

અર્થસંચય (ધનભેગું) કરવાની અપેક્ષાએ તપ સંચય સર્વશ્રેષ્ઠ છે.

- મહાભારત

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.શહેરેવર-૧૩૯૨, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, પોષ વદ-૬, તા.૧૩ જાન્યુઆરી ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૧, મુસ્લિમ તા.૨૦, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, શોભન યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૩૬, સૂ.અ.૬:૨૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : મોઢે આવેલો કોળીયો છીનવાઈ જાય. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું હિતાવહ.
વૃષભ : સંપત્તિને લગતા કાર્યો સફળ થાય. આરોગ્ય અંગે સંભાળવું.
મિથુન : માનસિક ચિંતા અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
કર્ક : નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પ્રવાસમાં વિઘ્ન આવે.
સિંહ : પ્રવાસથી લાભ થાય. પરિશ્રમનું શુભ ફળ મળે.
કન્યા : કૌટુંબિક ચિંતા વિશેષ રહે. ગૃહવિવાદના ભોગ બનવું પડે.
તુલા : સમસ્યાનો ઉકેલ મળે. ઉન્નતિની આશા ફળદાયી નીવડે.
વૃશ્ચિક : ગુપ્ત ચિંતા સતાવે. મનમાં મૂંઝવણ રહે.
ધન : ધાર્યા કાર્યોમાં વિલંબ થાય. આર્થિક લેવડ-દેવડમાં સાવચેત રહેવું.
મકર : ખર્ચનો પ્રસંગ બને. પડવા-વાગવાથી સંભાળવું.
કુંભ : કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ બર આવે.
મીન : કૌટુંબિક ક્ષેત્રે પ્રતિકૂળતા રહે. હિતશત્રુઓથી સાવધ રહેવું.

# જૂનાગઢ આરટીઓ દ્વારા ફોર વ્હીલ અને ટુ વ્હીલના બાકી રહેલા નંબરો માટે રીઓકશન થશે

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ આરટીઓ દ્વારા ન્સ્ફ મોટરકાર ફોરવ્હીલ સીરિઝ GJ11BR, GJ11CD, GJ11CH, ટુ વ્હીલ સીરિઝ GJ11CE, GJ11CF, GJ11CG, GJ11CJ,GJ11CK તથા ટ્રાન્સપોર્ટ સીરિઝ (HGV) GJ-11-VV અંતર્ગત બાકી રહેલા ગોલ્ડન અને સીલ્વર નંબર માટે રીઓકશન થશે.

જેમાં તા.૧૭/૧/૨૦૨૩ બપોર ૪ કલાક સુધી રજીસ્ટ્રેશન કરાવવું. રજીસ્ટ્રેશન બંધ તા.૧૯/૧/૨૦૨૩ બપોરે ૩ કલાક૫૯ કલાક સુધી,ઓકશન તા.૧૯/૧/૨૦૨૩ના બપોરના ૪ કલાક થી શરૂ થશે. અને પુરૂ તા.૨૨/૧/૨૦૨૩ના બપોરે ૪ કલાક સુધી રહેશે.

પસંદગીના નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોએ વાહન ખરીદ તારીખથી ૭ દિવસની અંદર http//parivahan.gov.in/fancy/ લિંક મારફતે વાહન-૪ સોફ્ટવેરમાં CNA ફોર્મ દ્વારા રજીસ્ટ્રેશન કરાવી, પસંદગીના નંબર મેળવવા માટે ઉપર મુજબ લિંક ઉપર નોંધણી યુઝર આઈડી અને પાસવર્ડ તૈયાર કરી, ઉપર મુજબ તારીખોમાં બીડીંગ કરવાનું રહેશે. જે અનુસાર સૌથી વધુ બીડ થયેલ નંબર, તે બીડ કરનાર અરજદારોને વાહન-૪ સોફ્ટવેર દ્વારા ફાળવી દેવામાં આવશે.

વાહનમાલિક પોતાની બીડ ઉપરોકત સમયગાળા દરમિયાન ૧૦૦૦ના ગુણાંકમાં વધારી શકશે. ઈ ઓકશનના અંતે અસફળ થયેલ અરજદારોને હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના હોવાથી નેટબેકીંગ,ક્રેડીટ/ડેબીટકાર્ડ થી ચૂકવણું કર્યુ હોય તે જ મોડ થી નાણા અરજદારશ્રીના તે જ ખાતામાં SBI-EPAY દ્વારા પરત કરવામાં આવશે.

વધુમાં જે વાહન માલિક દ્વારા CNA ફોર્મ ભરેલ હશે તેવા જ વાહન માલિક, વાહન ખરીદની તારીખથી ૬૦ દિવસ સુધી હરાજીમાં ભાગ લઈ શકશે. તેમજ સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે.ઓકશન બીડિંગમાં ભાગ લેનાર અરજદારે સીરિઝ ખૂલ્યાની તારીખથી દિવસ-૫ માં બિડીંગ મુજબના નાણાં ઓનલાઈન ભરવાના રહેશે. જેમાં નિષ્ફળ જશે તો મૂળ રકમ બેઝ પ્રાઈઝ જપ્ત કરી ફરીવાર હરરાજી કરવામાં આવશે.

# જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશ્નર દ્વારા અંદાજપત્ર બજેટ રજૂ કરાયું



જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશ્નર રાજેશતન્નાદ્વારા આગામી વર્ષ ૨૦૨૩-૨૪નું બજેટ (અંદાજ પત્ર) તૈયાર કરી અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન હરેશભાઈ પરસાણાને સુપ્રત કરવામાં આવેલ છે. આશરે રૂા.૮,૩૫,૫૩,૫૮,૨૬૫નું તૈયાર કરવામાં આવેલ છે. આ બજેટ રૂા.૧,૧૫,૨૬૫ની પુરાંત વાળુ તૈયાર કરવામાં આવેલ છે. જે કર અને દરના સમતુલન સાથે મુકવામાં આવેલ. આ બજેટ અન્વયે આગામી દિવસોમાં ચેરમેન સ્ટેન્ડીંગ કમિટી દ્વારા અભ્યાસ કરવામાં આવશે અને ત્યારબાદ બોર્ડમાં મુકવામાં આવશે તેમ જણાવામાં આવેલ છે.

# જૂનાગઢની સરદાર પટેલ પ્રાથમિક શાળા દ્વારા વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી કરાઈ



જૂનાગઢ તા. ૧૩

સરદાર પટેલ પ્રાથમિક શાળા જૂનાગઢ દ્વારા તા.૧૨-૧-૨૩ ના રોજ વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ધો. ૩ થી ૮ ના વિદ્યાર્થીઓ અને સ્કુલના તમામ કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના શિક્ષિકા કથીરીયા ચંપાબોને વિવેકાનંદજીના જીવન પ્રસંગો વિષે માહિતી આપી હતી. તેઓએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, સ્વામિ વિવેકાનંદ વિશ્વભરમાં એક મહાન આધ્યાત્મિક માણસ અને ફિલોસોફર હતા. વિવેકાનંદનું જીવન વિશ્વના યુવાનો માટે કાયમ પ્રેરણારૂપ બની રહે તે પ્રકારનું હતું. આ વકતવ્ય દ્વારા વિદ્યાર્થીઓને વિવેકાનંદના સિધ્ધાંતો જીવનમાં આત્મસાત કરવાની પ્રેરણા આપીહતી. આ ઉપરાંત ધો.૬ના વિદ્યાર્થી વણપરીયા મંથને સ્વામિ વિવેકાનંદના પ્રારંભિક જીવન અને શિક્ષણ વિષે વકતવ્ય આપ્યું હતું અને વિદ્યાર્થીઓને સ્વામિ વિવેકાનંદની શોર્ટ ફિલ્મ બતાવવામાં આવી હતી. આ ઉપરાંત સંસ્થાના આચાર્ય રૂપાબેન રામાણીએ વિવેકાનંદ જન્મજયંતિને યુવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે તેના વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

# જૂનાગઢ શહેરના હિત માટેના સુચનો મંગાવાયા



જૂનાગઢ, તા.૧૩ઃ જૂનાગઢ શહેરના તબીબો સાથે મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમિટના ચેરમેન હરેશ પરસાણા અને સમિતિ દ્વારા એક બેઠક યોજવામાં આવી હતી. રાજય સરકારના ઈમ્પેકટ ફી યોજનાની સમજ તથા જૂનાગઢ શહેરના વિકાસનો વિઝન પ્લાન ૨૦૩૫ પ્રસ્તુત કરી સર્વે ડોકટર પાસેથી શહેર હિતના સુચનો લેવામાં આવ્યા હતા.

# શ્રી સરદાર પટેલ મહિલા બી.એસસી કોલેજનો પ્રવાસ યોજાયો



જૂનાગઢ, તા.૧૩

શ્રી સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી સરદાર પટેલ મહિલા બી.એસસી. કોલેજના ૪, વિદ્યાર્થીનીઓ તથા ૫ શિક્ષકોએ ગુજરાતસરકાર દ્વારા આયોજીત મરીન નેશનલ પાર્ક પોશીત્રા ટાપુનો શૈક્ષણિક પ્રવાસ તા.૮/૧/૨૦૨૩ તથા તા.૯/૧/૨૦૨૩ સુધી બે દિવસ યોજાયેલ જેમાં મરીન નેશનલ પાર્કના સંજય કણઝારીયા દ્વારા દરીયાઈ જીવ સુષ્ટીની માહિતી આપવામાં આવેલ હતી તેમજ દિકરીઓને દરીયાઈ જીવસુષ્ટીના પક્ષીઓ તેમજ કરચલાના પ્રકાર, માછલીઓ, સ્ટારફીશ, દરીયાઈ વનસ્પતી, પરવાળા, ઓકટોપસ, ડોલ્ફીન, બરડતારા, સામુદ્રકાકડી, સામુદ્રફુલ, જેલીફીશ આવા વિવિધ સમુદ્ર જીવસુષ્ટીનો ઉડાણપૂર્ણક અભ્યાસ કરવામાં આવેલ હતો.

# ખંભાળિયામાં રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત વિવિધ કાર્યક્રમો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩



ખંભાળિયામાં દેવભૂમિ દ્વારકા જિલ્લા ટ્રાફિક શાખા તથા એ.આર.ટી.ઓ. કચેરી દ્વારા રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ અન્વયે આગામી તારીખ ૧૭ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. માર્ગ સલામતી સપ્તાહના પ્રારંભ પ્રસંગે ગઈકાલે બુધવારે ખંભાળિયાની આરટીઓ કચેરી ખાતે ઉદઘાટન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ સેવા સંસ્થાઓ તથા વરિષ્ઠ નાગરિકો સાથે સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ટ્રાફિક અવેરનેસ તથા ઓવર સ્પીડ વાહન ન ચલાવવા અંગે જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. સાથે ટ્રાફિક નિયમોનું પાલન કરવા અંગે શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા.

# શ્રી એસ.આર. કાવાણી મહિલા અંગ્રેજી માધ્યમ કોમર્સ કોલેજ દ્વારા શૈક્ષણિક તેમજ ઔદ્યોગીક મુલાકાત

જૂનાગઢ, તા.૧૩




ડો.હરીભાઈ ગોધાણી એજયુકેશન કેમ્પસ દ્વારા સંચાલિત શ્રી એચ.આર. કાવાણી મહિલા અંગ્રેજી માધ્યમ કોમર્સ કોલેજ જોષીપુરા જૂનાગઢ દ્વારા ગત સપ્તાહ આણંદ સ્થિત અમુલ ડેરી ખાતો ઔદ્યોગીક મુલાકાત લીધેલ જેમાં ૧૬૫ બી.કોમ તેમજ એમ.કેમ. વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ સહકારી માળખા વિશે સમજ કેળવી તદઉપરાંત વાણિજય વિદ્યાશાખાના શૈક્ષણિક હેતુઓ સિધ્ધ કર્યા. આ સમગ્ર ઔદ્યોગીક મુલાકાતની જવાબદારી જે.પી. ઠુમર, આરતીબોન ગોસાઈ તેમજ સમગ્ર સ્ટાફ ગણે જહેમત ઉઠાવી અને સફળ બનાવી . આ ઔદ્યોગીક મુલાકાતની સફળતા માટે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી જે.કે. ઠેસિયા, કેમ્પસ ડાયરેકટર રાણપરીયા, વહીવટી અધિકારી ગજેરા, એજયુકેશન કેમ્પસ ડાયરેકટર વોરા અને પોરા અને આચાર્ય મનોજ વઘાસીયાએ શુભેચ્છા વ્યકત કરી હતી.

# ૨૬મી જાન્યુઆરીની ઉજવણીની પૂર્વતૈયારીની કલેકટર એમ.એ. પંડ્યાએ સમીક્ષા કરી

## પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખંભાળીયા ખાતે જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વની ધામધુમથી ઉજવણી કરાશે




દ્વારકા, તા.૧૩

આ વર્ષે જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી પોલીસપરેડ ગ્રાઉન્ડ ખંભાળીયા ખાતે થનારી છે. ત્યારે આ ઉજવણીની પૂર્વતૈયારી સંબંધિત બેઠક સભાખંડ કલેકટર કચેરી ખાતે યોજાઈ હતી. કલેકટરશ્રી એમ. એ. પંડ્યાના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે કાર્યક્રમની રૂપરેખા તથા વ્યવસ્થાપન મુદે ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં કલેકટરે પરેડ, સાંસ્કૃતિક કાર્યક્રમ, વૃક્ષારોપણ , ટેબ્લો નિર્દેશન, પાર્કિંગ વ્યવસ્થા, ટ્રાફીક નિયમન સહિતના તમામ આનુસંગિક મુદા પણ ચર્ચા કરીને સંબંધિત વિભાગોને જરૂરી સુચના આપી હતી. બેઠકમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના અધિક નિવાસી કલેકટર ભુપેશ જોટાણીયા, ડી.આર.ડી.એ. નિયામક એ.ડી.પરમાર, ડીવાયએસપી પરમાર તથા અન્ય સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનાર-ઉના હાઈવે ઉપર દીપડાનો મૃતદેહ મળ્યો

## પ્રાથમિક તપાસમાં અજાણ્યા વાહને હડફેટે લેતા દીપડાનું મૃત્યુ થયાનું જાણવા મળ્યું

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૩



કોડીનાર ઉના હાઈવે ઉપર મજેવડી હનુમાજી મંદિર પાસે હાઈવે ઉપર દીપડાનો મૃતદેહ મળ્યો અજાણ્યા વાહન ચાલકે રોડ ઓળંગી રહેલા દીપડા ને હડફેટે લેતા દીપડાનું કરૂણ મૃત્યુ નિપજયારનું પ્રાથમિક તપાસમાં જાણવા મળેછે. જોકે અકસ્માત સર્જી વાહન ચાલક નાશી ગયા બાદ રોડ પસાર કરતા લોકોની નજર પડતા લોકો એ આ બાબતની જાણ રાઉન્ડ ફોરેસ્ટ ઓફિસર ગોપાલસિંહ રાઠોડને કરતા તેઓ દ્વારા પોતાની ફોરેસ્ટ ટીમ સાથે સ્થળ ઉપર આવી અને જોતા રોડ ઉપર આ વન્યપ્રાણી દીપડા માદા ઉમર વર્ષ ૫ થી ૮ વર્ષનું અકસ્માતે મૃત્યું થયું હોય એવું પ્રાથમિક જણાય આવતા આ મૃત દીપડા માદાને જામવાળા એનિમલ કેર સેન્ટર ખાતે પોસ મોર્ટમ માટે મોકલી આપી હતી. જ્યારે આ બનાવની પ્રાથમિક તપાસ હાલ વન વિભાગ દ્વારા ચલાવવામાં આવી રહેલ છે.

# આયાત ઉપર વધુ નિર્ભરતાને લીધે ભારતના અર્થતંત્રને નુકસાન થાય છે

મુંબઈ તા.૧૩

દેશમાં બેરોજગારીનો દર ડિસેમ્બરમાં ૮.૩૦ ટકાએ પહોંચ્યો હતો જે ખૂબ જ નિરાશાજનક છે, જે છેલ્લા ૧૬ મહિનામાં સૌથી વધુ છે. શહેરી વિસ્તારોમાં બેરોજગારીનો દર ૧૦ ટકાને વટાવી ગયો છે. ગયા મહિને નોકરી શોધી રહેલા લોકોની સંખ્યા વધીને ૪૦.૪૮ ટકા થઈ છે, જે ૨૦૨૨માં સૌથી વધુ છે. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીએ અહેવાલ આપ્યો છે કે, નોકરીઓની માંગ તેના પુરવઠા કરતાં ઘણી વધારે છે. ખાસ કરીને ભારતીય અર્થતંત્રની વર્તમાન પીક સીઝન (ઓક્ટોબર-માર્ચ) દરમ્યાન બેરોજગારીની સ્થિતિ ચિંતાજનક છે. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે સાત ટકા આર્થિક વૃદ્ધિનો અંદાજ હોવા છતાં આ બેરોજગારીનું વધતું સ્તર સૂચવે છે કે આર્થિક વૃદ્ધિ રોજગાર વૃદ્ધિમાં પ્રતિબિંબિત થતી નથી. તેનું એક મુખ્ય કારણ એહોઈ શકે છે કે ભારતની વધતી જતી આયાતને લીધે સ્થાનિક રોજગારી ભોગ બની રહી છે. દેશમાં આયાતમાં આવો વધારો ક્યારેય જોવા મળ્યો નથી જેટલો આ નાણાંકીય વર્ષ દરમ્યાન જોવા મળી રહ્યો છે.

આયાત નિકાસ કરતા દેશોમાં આયાત કરતા રાષ્ટ્રોના ખર્ચે રોજગારી વિકસાવવામાં મદદ કરે છે. ચાલુ નાણાંકીય વર્ષમાં રૂપિયાના ઘટતા મૂલ્ય છતાં ભારતની નિકાસ વૃદ્ધિ અત્યંત સુસ્ત રહી છે. ભારતનું ઊંચું આયાત બિલ પેટ્રોલિયમના કારણે છે તેવો સરકારનો પરંપરાગત ખુલાસો અસ્વીકાર્ય છે. એ વાત સાચી છે કે દેશ ૮૬ ટકા આયાત ક્રૂડ ઓઈલ ઉપર આધારિત છે. તેમ છતાં, ૨૦૨૧-૨૨માં, ક્રૂડ તેલનો હિસ્સો કુલ આયાત બિલના ૨૦ ટકાથી ઓછો હતો. ભારતની ૭૦ ટકાથી વધુ આયાત નોન-ઓઈલ ગ્રુપમાં થાય છે. કેન્દ્રીય વાણિજ્ય મંત્રાલયના અહેવાલ મુજબ, **FY** ૨૨માં ભારતની મર્ચેન્ડાઈઝ આયાત વિક્રમી **$610.2** બિલિયનને આંબી ગઈ છે, જે પાછલા વર્ષની સરખામણીમાં ૫૪.૭ ટકાનો વધારો છે. આ વર્ષે એપ્રિલ-નવેમ્બર દરમ્યાન આયાત ૪૯૪ અબજ ડોલર હતી જે ગયા વર્ષના સમાન ગાળામાં ૩૮૧ અબજ ડોલર હતી. એપ્રિલ-નવેમ્બર ૨૦૨૨ માટે મર્ચેન્ડાઈઝ વેપાર ખાધ ૨૦૨૧ના સમાન સમયગાળામાં **$115.39** બિલિયનની સામે **US$198.35** બિલિયન હોવાનો અંદાજ છે. ૨૦૨૨-૨૩ દરમ્યાન કુલ આયાત બિલ **$700** બિલિયન સુધી આવી શકે છે. આકસ્મિક રીતે, દેશનો એકમાત્ર સૌથી મોટો આયાત સ્ત્રોત ચીન છે, જે ભારતના ઓઈલ આયાતની સૂચિમાં નથી. ચાલુ નાણાંકીય વર્ષમાં ચીનમાંથી કુલ આયાત ૧૦૦ અબજ ડોલરથી વધુ થવાની ધારણા છે. ૨૦૨૨-૨૩ની શરૂઆતથી લગભગ દર મહિને રેકોર્ડ આયાત થઈ રહી છે. વધુ પડતી આયાતને કારણે ભારતીય ઉદ્યોગોની ક્ષમતાનો ઉપયોગ ઘટી રહ્યો છે અને રોજગારની માંગ ઘટી રહી છે. આયાત કરતા દેશોમાં તેના નાગરિકોના રોજગાર ઉપર આ આયાતની અસર વિષે સમગ્ર વિશ્વમાં ઘણા ગંભીર અભ્યાસો થયા છે. થોડા સમય પહેલા, સમાન અભ્યાસમાં યુએસએ અને ચીન વચ્ચેના આંતરરાષ્ટ્રીય વેપારની યુએસ અર્થતંત્ર ઉપર નોંધપાત્ર નકારાત્મક શ્રમ-બજાર અસરો જોવા મળી હતી અને એવું તારણ કાઢ્યું હતું કે, વધતી જતી આયાતને લીધે ઉચ્ચ બેરોજગારી, ઓછી શ્રમ દળની ભાગીદારી અને સ્થાનિક શ્રમ બજારોમાં વેતનમાં ઘટાડો થાય છે. દેશના મેન્યુફેક્ચરિંગ સેકટરમાં લગભગ ૩૦ ટકા ક્ષમતાનો ઓછો ઉપયોગ જોવા મળી રહ્યો છે, આ ક્ષેત્રમાં પસંદગીના અમુક ક્ષેત્રોને બાદ કરતાં નવા રોકાણો ટૂંક સમયમાં થવાની શક્યતા નથી. માત્ર ઘરેલું માલસામાનના વપરાશમાં વૃદ્ધિએ સ્થાનિક રોકાણ અને રોજગારમાં વધારો કરી શકે છે. સરકાર અને તેનું વાણિજ્ય મંત્રાલય સ્થાનિક રીતે ઉત્પાદિત ઉત્પાદનોના વપરાશ અને રોજગારને પ્રોત્સાહન આપવા માટે સાથે મળીને કામ કરવામાં નિષ્ફળ રહ્યા છે. નવેમ્બર ૨૦૧૯માં સંસદમાં એક પ્રશ્નના જવાબમાં, વિદેશ રાજ્ય પ્રધાન



વી. મુરલીધને ખુલાસો કર્યો હતો કે ૨૦૧૪થી માત્ર પશ્ચિમ એશિયાના ખાડી ક્ષેત્રમાં કુલ ૩૩,૯૮૮ ભારતીય સ્થળાંતર કામદારો મૃત્યુ પામ્યા છે. વિશ્વ બેંકના જણાવ્યા અનુસાર, ભારત -વિદેશી રેમિટન્સનો સૌથી મોટો પ્રાપ્તકર્તા છે અને ૨૦૨૨ માં રેમિટન્સ દ્વારા **$100** બિલિયન ડોલર પ્રાપ્ત કર્યા છે. છેલ્લા ચાર વર્ષોમાં, રોગચાળાને બાદ કરતાં સ્થળાંતર કામદારોની સંખ્યામાં વાર્ષિક આશરે આઠ ટકાનો વધારો થયો છે. ચીન રેમિટન્સનો બીજો સૌથી મોટો પ્રાપ્તકર્તા હતો. તે હવે ત્રીજા સ્થાને આવી ગયું છે. મેક્સિકો બીજા અને ફિલિપાઈન્સ ચોથા ક્રમે છે. રેમિટન્સ મેળવનારાઓની યાદીમાં કોઈ પણ વિકસિત દેશનો સમાવેશ થતો નથી.

લગભગ એક મિલિયન સ્થળાંતરિત ભારતીયો વિદેશમાં કામ કરે છે, કારણ કે દેશમાં પૂરતી તકો મળતી નથી. આયાતના પાંચ મુખ્ય જૂથો છે: ખનિજ ઈંધણ, તેલ અને મીણ અને બિટ્યુમિનસ પદાર્થો (કુલ આયાતના ૨૭ ટકા); મોતી, કિંમતી અને અર્ધ કિંમતી પથ્થરો અને ઝવેરાત (૧૪ ટકા); ઈલેક્ટ્રિકલ મશીનરી અને સાધનો (૧૦ ટકા); પરમાણુ રિએક્ટર, બોઈલર, મશીનરી અને યાંત્રિક ઉપકરણો (આઠ ટકા); અને કાર્બનિક રસાયણો (ચાર ટકા). લગભગ ૨૦ ટકા આયાત, જેમાં કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ, સંખ્યાબંધ લકઝરી વસ્તુઓ, ફર્નિચર, ઘરની સજાવટ, બ્રાન્ડેડ વસ્ત્રો, ફાર્મ પ્રોડક્ટ્સ, રમકડાં, પતંગ ઉડાવવાની દોરી અને ટૂથબ્રશનો પણ સમાવેશ થાય છે, જેનું દેશમાં ઉત્પાદન કરી શકાય છે પણ કમનસીબે, આવું થઈ રહ્યું નથી. ભારતના મુખ્ય આયાત ભાગીદારો છે: ચીન (કુલ આયાતના ૧૬ ટકા), યુનાઈટેડ સ્ટેટ્સ (છ ટકા), સંયુક્ત આરબ અમીરાત (છ ટકા), સાઉદી અરેબિયા (પાંચ ટકા) અને સ્વિટ્ઝર્લેન્ડ (પાંચ ટકા). દેશની આયાત લોબી એટલી મજબૂત છે કે આર્થિક મુદ્દાઓ અને સ્વાવલંબનના મુદ્દા પર શાસક અને આયાત નિયંત્રણ સામે ટકી શકતા નથી. ભારતનું આટલા મોટા પ્રમાણમાં આયાત નિર્ભર રહેવું તે એક રહસ્ય છે. વર્તમાન આયાત વલણ નોકરીની અછત માટે કૌશલ્યો ઉપર ધ્યાન કેન્દ્રિત કરતી દેશની શિક્ષણ પ્રણાલીમાં સુધારો કરવા માટે વર્તમાન સરકારની પ્રતિબદ્ધતા સ્પષ્ટપણે અવરોધે છે. વાસ્તવમાં, હજારો બેરોજગાર કુશળ કામદારો રોજગાર મેળવવા વિદેશમાં જઈ રહ્યા છે.

# નાગરિકતા અધિનિયમની કલમ 6Aની કાયદેસરતા અંગે પહેલા નિર્ણય થશે : સુપ્રીમ

## નાગરિકતા કાયદાની કલમ 6Aમાં કોઈ બંધારણીય ખામી છે કે નહીં તેની ચકાસણી કરાશે, નાગરિકતા અધિનિયમની કલમ 6A વિશેષ જોગવાઈ તરીકે ઉમેરાઈ છે, જેથી આસામ સમજૂતી હેઠળ આવનારા લોકોની નાગરિકતાના મામલાઓને જોઈ શકાય



નવી દિલ્હી, તા.૧૩

નાગરિકતા અધિનિયમની કલમ 6Aને પડકારતી અરજીઓની સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચે જણાવ્યું હતું કે, તે અરજીઓમાં ઉઠાવવામાં આવેલા અન્ય મુદ્દાઓ ઉપર આગળ વધતા પહેલા જોગવાઈ બંધારણીય રીતે માન્ય છે કે કેમ તે નક્કી કરશે. પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેંચની અધ્યક્ષતા કરી રહેલા ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડે જણાવ્યું કે, 'હાલમાં બંધારણીય બેંચ માટે પ્રાથમિક નિર્ધારણ માટે ઘડવામાં આવેલ નીચેનો મુદ્દો, શું નાગરિકતા અધિનિયમ, ૧૯૫૫ની કલમ 6Aકોઈપણ બંધારણીય નબળાઈ ધરાવે છે.' બેંચમાં સામેલ જસ્ટિસ એમ.આર. શાહ, કૃષ્ણ મુરારી, હિમા કોહલી અને પી.એસ. નરસિમ્હાએ કહ્યું કે, શિવસેનામાં વિભાજન અને મહારાષ્ટ્રમાં ત્યાર પછીના વિકાસને કારણે ઊભી થયેલી અરજીઓની સુનાવણી પૂર્ણ થયા બાદ તે આ મામલો હાથ ધરશે. ખંડપીઠ ૧૪ ફેબ્રુઆરીથી મહારાષ્ટ્ર મામલાની સુનાવણી શરૂ કરશે. કલમ ૬છ 'આસામ એકોર્ડ દ્વારા આવરી લેવામાં આવેલી વ્યક્તિઓની નાગરિકતા અંગેની વિશેષ જોગવાઈઓ' સાથે સંબંધિત છે જે કહે છે કે, ૧ જાન્યુઆરી, ૧૯૬૬ના રોજ અથવા તે પછી પરંતુ ૨૫ માર્ચ, ૧૯૭૧ પહેલાં નિર્દિષ્ટ પ્રદેશમાંથી (તેમાં નાગરિકતા (સુધારા) અધિનિયમ, ૧૯૮૫ના પ્રારંભ સમયે બાંગ્લાદેશના તમામ પ્રદેશોનો સમાવેશ થાય છે) જેઓ આસામ આવ્યા હતા અને ત્યારથી આસામના રહેવાસી છે તેમણે નાગરિકતા માટે કલમ ૧૮ હેઠળ પોતાની નોંધણી કરાવવી આવશ્યક છે. આ જોગવાઈ ૧૯૮૫માં ભારત સરકાર અને રાજ્યમાં આંદોલનકારી જૂથો વચ્ચે આસામ સમજૂતી ઉપર હસ્તાક્ષર બાદ રજૂ કરવામાં આવી હતી.

કેન્દ્ર તરફથી હાજર થતાં સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને એટર્ની જનરલ દ્વારા મંજૂર કરાયેલા અન્ય મુદ્દા ઉપર પણ ધ્યાન આપવા વિનંતી કરી જે 'શું આસામ સમજૂતી હોય કે પછી ભારતીય સંઘ, આસામ રાજ્ય, આસામના તમામ વિદ્યાર્થીઓ વચ્ચે સમાધાનનું સંયુક્ત સંઘ અને અખિલ આસામ ગણ સંગ્રામ પરિષદ લાંબા સમયથી પડતર મુદ્દાને ઉકેલવા માટે પહોંચ્યા હતા, એક રાજકીય સમાધાન હોવાના કારણે અને ખૂબ જ નીતિગત મહત્ત્વનો મુદ્દો આ તબક્કે ન્યાયિક રીતે સમીક્ષા કરી શકાય છે કારણ કે, અદાલતો રાજકીય ગીચમાં પ્રવેશવાનો ઈન્કાર કરશે અને આટલી તીવ્રતા અને અપાર પરિણામોની બાબતોને રદ કરશે. મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે, ખંડપીઠ એ વાત ઉપર ધ્યાન આપશે કે નાગરિકતા કાયદાની ધારા 6Aમાં બંધારણીય રીતે કોઈ ખામી તો નથી. ટોચની અદાલતે જણાવ્યું હતું કે, એ મુખ્ય બિંદુ હશે જેના ઉપર નિર્ણય સંભળાવવામાં આવશે અને આ મામલાથી ઉઠનારા અન્ય બંધારણીય પ્રશ્નોને પણ આ બાબતમાં સમાવી લેવામાં આવશે. પીઠે કહ્યું કે, શું નાગરિકતા અધિનિયમની કલમ 6A કોઈ બંધારણીય દુર્બળતાથી ગ્રસ્ત છે ? પીઠે કહ્યું કે, એક પોઈન્ટ નક્કી કરવાનો અભિપ્રાય એ નથી કે, પીઠનો બાદમાં અન્ય મુદ્દાઓ નક્કી કરવાથી રોકે છે. પીઠે કહ્યું કે, પહેલાં અરજકર્તા દલીલો કરશે અને પછી કેન્દ્ર સરકાર પોતાનો પક્ષ મૂકશે અને ત્યારબાદ દખલકર્તાઓ અને અન્ય પક્ષોની વાત રાખવામાં આવશે.

# સુપ્રીમ કોર્ટ કોલેજિયમે માલેગાંવ બ્લાસ્ટ કેસના આરોપી લેફ્ટનન્ટ કર્નલ પ્રસાદ પુરોહિતના એડવોકેટને બોમ્બે હાઈકોર્ટના જજ તરીકે નીમવા ભલામણ કરી

નવી દિલ્હી, તા. ૧૩

છ લોકોનાં મોત અને ૧૦૧ લોકોને ગંભીર રીતે ઘાયલ કરવા માટે જવાબદાર ૨૦૦૮ના માલેગાંવ બ્લાસ્ટ કેસમાં આરોપી લેફટનન્ટ કર્નલ પુરોહિતના વકીલ નીલા ગોખલેને બોમ્બે હાઈકોર્ટમાં જજ તરીકે બઢતી આપવા માટે સુપ્રીમ કોર્ટ કોલેજિયમે ભલામણ કરી છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડની આગેવાની હેઠળની કોલેજિયમ દ્વારા જાહેર કરાયેલ નિવેદન અનુસાર સુપ્રીમ કોર્ટ કોલેજિયમે ૧૦ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ મળેલી બેઠકમાં હાઈકોર્ટના એડવોકેટ નીલા કેદાર ગોખલેની બઢતીને મંજૂરી આપી છે. આ મંજૂરીને હવે કેન્દ્રના કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા આખરી ઓપ આપવામાં આવશે. હાઈકોર્ટમાં હાલમાં ૯૪ જજોની મંજૂર સંખ્યાની સામે ૬૫ જજો છે.

૬ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ કોલેજિયમને મોકલવામાં આવેલા નામો ઉપર ટિપ્પણી કરતા સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એસ.કે. કૌલે કહ્યું કે, 'સરકારે છેલ્લા લોટમાં કેટલાક નામો પાછા મોકલ્યા જે પેન્ડિંગ હતા. સાચું કે ખોટું હોય પણ આપણે તેનો સામનો કરવો પડશે. ૨૨ નામો એવા છે જેને પરત મોકલવામાં આવ્યા છે. તેમાંથી કેટલાક એવા છે કે, જેમની ભલામણ કોલેજિયમ દ્વારા કરવામાં આવી છે. પુનરાવર્તિત કેટલાક નામો પાછા મોકલવામાં આવ્યા છે. કેટલાક ત્રીજા પુનરોચ્ચાર પાછા મોકલવામાં આવ્યા છે અને કેટલાક નામો એવા છે કે જેને કોલેજિયમે સ્પષ્ટ કર્યું નથી પરંતુ સરકારને તેની શાણપણ મુજબ વિચારવું જોઈએ. ગોખલેએ પુરોહિત માટે આતંકવાદી વિસ્ફોટના કેસમાં તેની સામે કાર્યવાહી કરવાની મંજૂરીને પડકારતી હાઈકોર્ટ સમક્ષ ડિસ્ચાર્જ અરજીઓ દાખલ કરી છે. ૨ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ હાઈકોર્ટે પુરોહિત વતી ગોખલે દ્વારા દાખલ કરાયેલ ડિસ્ચાર્જ અરજીને એ આધાર ઉપર ફગાવી દીધી હતી કે કલમ ૧૯૭ (ન્યાયાધીશો અને જાહેર સેવકોની કાર્યવાહી) પ્રક્રિયા ક્રિમિનલ કોડ હેઠળ તેમની સામે કાર્યવાહી કરવા માટે કોઈ યોગ્ય મંજૂરી લેવામાં આવી નથી. જોકે, કોર્ટે જણાવ્યું હતું કે, 'તે પ્રશ્નનો જવાબ આપવાનો બાકી છે કે, શા માટે તેણે માલેગાંવના નાગરિક વિસ્તારમાં બોમ્બ વિસ્ફોટને ટાળ્યો નહીં જેના કારણે છ નિર્દોષ લોકોના જીવ ગયા અને લગભગ ૧૦૦ લોકોને ગંભીરથી ગંભીર ઈજાઓ થઈ. પુરોહિત જામીન ઉપર બહાર છે પરંતુ તેના ઉપર ખૂન, સ્વેચ્છાએ ખતરનાક હથિયારો વડે ગંભીર ઈજા પહોંચાડવા, ધર્મ, જાતિ, જન્મ સ્થળ, રહેઠાણ, ભાષા વગેરેના આધારે વિવિધ જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવા અને નાણાં માટે પ્રતિકૂળ કૃત્યો કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. તેના ઉપર સંવાદિતા, આર્મ્સ એક્ટ, ધ ઈન્ડિયન એક્સપ્લોઝિવ સબસ્ટન્સ એક્ટ અને ગેરકાનૂની પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ હેઠળ સંબંધિત કલમોનો સમાવેશ થાય છે. ટ્રાયલમાં અત્યાર સુધીમાં ૨૯૭ સાક્ષીઓની તપાસ કરવામાં આવી છે અને તેમાંથી ૨૫ને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવ્યા છે. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ, મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના એક શહેર માલેગાંવમાં બોમ્બ વિસ્ફોટ થયો હતો, જેમાં ૬ લોકો માર્યા ગયા હતા અને ૧૦૦થી વધુ ઘાયલ થયા હતા. અન્ય આરોપીઓ નિવૃત્ત મેજર રમેશ ઉપાધ્યાય, અજય રહીરકર, સુધાકર દ્વિવેદી અને સુધાકર ચતુર્વેદીનો સમાવેશ થાય છે.'

# સુપ્રીમ કોર્ટના કોલેજિયમે કર્ણાટક હાઈકોર્ટના જજ તરીકે નિમણૂંક આપવા એક નામની ત્રીજી વખત ભલામણ કરી

## ઓકટોબર ૨૦૧૯માં એડવોકેટ નાગેન્દ્ર રામચંદ્ર નાઈકના નામની કોલેજિયમે પહેલીવાર ભલામણ કરી હતી અને પછી આ નિર્ણયનું ફરીવાર પુનરાવર્તન કર્યું હતું

નવી દિલ્હી તા.૧૩

સુપ્રીમ કોર્ટ કોલેજિયમે બેઠકમાં ચાર હાઈકોર્ટ માટે ન્યાયાધીશોના નામની ભલામણ કરી છે. આ હાઈકોર્ટમાં મણિપુર, કર્ણાટક, બોમ્બે અને ગુજરાત હાઈકોર્ટનો સમાવેશ થાય છે. તેમાં કેટલાક જૂના નામોનો સમાવેશ કરાયો હતો જેમની ફરી ભલામણ કરવામાં આવી છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડની આગેવાની હેઠળની કોલેજિયમે ત્રીજી વખત એડવોકેટ નાગેન્દ્ર રામચંદ્ર નાઈકને કર્ણાટક હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવાના નિર્ણયનું પુનરાવર્તન કર્યું હતું. સુપ્રીમ કોર્ટે પાંચ હાઈકોર્ટના જજ તરીકે નિમણૂક માટે અન્ય આઠ નામોની પણ ભલામણ કરી છે. સુપ્રીમ કોર્ટની કોલેજિયમે ૧૦ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ મળેલી તેની બેઠકમાં એડવોકેટ નાગેન્દ્ર રામચંદ્ર નાઈકને કર્ણાટક હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે બઢતી માટે તેની અગાઉની ભલામણને પુનરાવર્તિત કરવાનો નિર્ણય લીધો હતો. સુપ્રીમ કોર્ટની કોલેજિયમ દ્વારા જજ તરીકે ભલામણ કરાયેલા નામોમાં વરિષ્ઠ વકીલ નીલા ગોખલેને બોમ્બે હાઈકોર્ટમાં નામાંકિત કરવામાં આવ્યા છે. નીલા ગોખલે માલેગાંવ બ્લાસ્ટના આરોપી કર્નલ પ્રસાદ પુરોહિતના વકીલ રહી ચૂક્યા છે. આ સિવાય કેટલાક જૂના નામો પણ સામેલ છે જેમની ફરી ભલામણ કરવામાં આવી છે. તેમાં નાગેન્દ્ર રામચંદ્ર નાઈકને કર્ણાટક હાઈકોર્ટમાં નિયુક્ત કરવાની ભલામણનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત રામચંદ્ર દત્તાત્રેય હુદ્દર અને વેંકટેશ નાઈક થવર્ય નાઈકને કર્ણાટક હાઈકોર્ટ, ન્યાયિક અધિકારી મૃદુલ કુમાર કલિતાને ગુજરાત હાઈકોર્ટમાં નિમણૂંક માટે ભલામણ કરવામાં આવી છે. આંધ્રપ્રદેશ હાઈકોર્ટે શ્રીમતી પી. વેંકટ જ્યોતિર્મયી અને વી. ગોપાલા કૃષ્ણ રાવ, સુશ્રી અરીબમ ગુણેશ્વર શર્મા અને સુશ્રી ગોલમાઈ ગૈફુલસિલ્લુ કાબુઈની મણિપુર હાઈકોર્ટમાં ન્યાયાધીશ તરીકે ભલામણ કરી છે. એક જાણીતા મીડિયાના અહેવાલ અનુસાર સરકારે રામચંદ્ર નાઈક સાથે મળીને ૨૮ નવેમ્બર, ૨૦૨૨ના રોજ કોલેજિયમ દ્વારા ભલામણ કરાયેલા ૧૯ નામ પરત કર્યા હતા. નાઈકના નામની ભલામણ સુપ્રીમ કોર્ટ કોલેજિયમ દ્વારા ૩ ઓકટોબર, ૨૦૧૯ના રોજ કરવામાં આવી હતી. કોલેજિયમે ૨ માર્ચ, ૨૦૨૧ અને ૧ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ પણ પોતાનો નિર્ણય પુનરાવર્તિત કર્યો હતો.

# રાજ્યમાં જમીન માપણીની ક્ષતિ સુધારણા માટે સરકારનો નિર્ણય : તબક્કાવાર કાર્યક્રમ હાથ ધરાશે

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત સરકારની યોજાયેલી કેબિનેટ બેઠકમાં મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. કેબિનેટ બેઠકમાં જમીન રિ સર્વે અંગે મોટો નિર્ણય કરાયો છે. જે મુજબ જમીનના પ્રમોલ્ગેશન રાજ્યભરમાં શરૂ થશે. રાજ્યમાં આધુનિક મશીનથી જમીનનો રિ સર્વે થશે. અગાઉ જમીન રિ સર્વે માટે બે જિલ્લામાં પાયલોટ પ્રોજેક્ટ શરૂ થશે, જૂનો જમીન સર્વે રદ કરવામાં આવશે. અગાઉ સરકારે જમીનના સર્વે માટે રૂ. ૭૦૦ કરોડ ચૂકવ્યા હતા. સરકારને ખેડૂતો તરફથી અનેક ફરિયાદો સર્વેની મળી હતી. જૂના સર્વેમાં અનેક ફરિયાદો મળી હતી. જેમાં જમીનોના નકશાઓ બદલાઈ ગયા હતા, જે બાદ સરકારે નવેસરથી જ જમીન રી સર્વે કરવાનો નિર્ણય લીધો છે. રૂપાણી સરકારે રિ સર્વેનો ફેંસલો કર્યો હતો. આ માટે એજન્સીને ૭૦૦ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. જમીન રિ સર્વેમાં અનેક ગોટાળા થયા હોવાની વિગતો પણ સામે આવી હતી. જમીન રિ સર્વે રદ્ કરાતા ખેડૂતોને મોટી રાહત મળશે. રિ સર્વેમાં ઘણા ખેડૂતોની જમીન બદલાઈ ગઈ હતી. ઋષિકેશ પટેલે કેબિનેટ બ્રિફીંગમાં આ અંગે જણાવ્યું હતુ કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં જમીનની નવી માપણી કર્યા બાદના રી-સર્વે પ્રમોલગેશનના અરજીના ઝડપી નિકાલ માટે મહત્વનો નિર્ણય હાથ ધર્યો છે. જામનગર, દ્વારકા જીલ્લામાં પાયલટ પ્રોજેક્ટ તરીકે નવી માપણી કર્યા બાદ રી-સર્વે પ્રમોલગેશનના ના-વાંધા નિકાલ માટે સરકારને અરજીઓ મળી હતી . આ અરજીઓ મુજબ ક્ષતિ સુધારણાની કામગીરી અગ્રતાના ધોરણે કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે.

# રાજ્યમાં રખડતા આખલાઓનું હવે થશે ખસીકરણ : ખાસ ઝુંબેશ શરૂ કરાશે

ગાંધીનગર, તા.૧૩

રાજ્યના નાગરિકોને રખડતાં પશુઓના ત્રાસમાંથી મુક્ત કરવા માટે રાજ્ય સરકાર તબક્કાવાર અનેક પગલાઓ ભરી રહી છે ત્યારે હવે આગામી સમયમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં રખડતા આખલાઓના ખસીકરણ માટે ખાસ ઝુંબેશ શરૂ કરવાનો નિર્ણય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ અંગે જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યની ૮ મહાનગરપાલિકા અને ૧૫૬ નગરપાલિકાઓ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં આ ઝુંબેશ અંતર્ગત એક વર્ષથી વધુ ઉંમરના અંદાજે ૫૦ હજાર રખડતા આખલાઓનું ખસીકરણ કરવામાં આવશે. એટલું જ નહીં, ખસીકરણ બાદ એક અઠવાડિયા માટે પશુઓના નિભાવ અને સાર સંભાળની વ્યવસ્થા પણ કરવામાં આવશે. આ સંદર્ભે તેમણે વધુમાં ઉમેર્યું કે, રાજયમાં રખડતા ઢોરની જાળવણી માટે રાજયની ૮ મહાનગરપાલિકાઓમાં ૧૭ અને ૬ ઝોન અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર, ભાવનગરમાં ૮૮ મળીને કુલ ૧૦૫ કેટલ પોન્ડ્સ કાર્યરત કરવામાં આવ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે, આ ખસીકરણની કામગીરી નિષ્ણાંતોની ટીમ દ્વારા કરવામાં આવશે. સમગ્ર ખસીકરણ કામગીરી વેટેરનરી કોલેજોના અધ્યાપકો તથા પશુપાલન ખાતાના પશુચિકિત્સા અધિકારીઓના સંકલનથી હાથ ધરાશે. આ ટીમમાં ૧ પશુચિકિત્સા અધિકારી, ૨ પશુધન નિરિક્ષક અને ૨ હેન્ડલરનો સમાવેશ કરવામાં આવશે. તે ઉપરાંત ખસીકરણની કામગીરી વખતે આખલાઓને ઈયર ટેંગીગ પણ કરવામાં આવશે. ત્યાર બાદ ખસીકરણ કર્યાના એક સપ્તાહ પછી આખલાઓને મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનાની સહાય મેળવતી સંસ્થાઓમાં મોકલવામાં આવશે.

# વંથલી ખાતે તાલુકા કક્ષાની પશુપાલન શિબિર યોજાઈ

## પશુ સંવર્ધન, દૂધ ઉત્પાદકતા વધારવા અને પ્રાકૃતિક ખેતી વિશે ૩૦૦ જેટલા પશુપાલકોને માહિતગાર કરાયા



જૂનાગઢ તા. ૧૩
વંથલી ખાતે તાલુકાકક્ષાની પશુપાલન શિબિર કમ પ્રદર્શનનો ૩૦૦જેટલા પશુપાલકોએલાભ લીધો હતો. જેમાં પશુપાલકોને વૈજ્ઞાનિક ઢબે પશુપાલન, દૂધ ઉત્પાદન વધારવા અને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી સહિતના મુદ્દે પશુપાલકોને વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વંથલીના પટેલ સમાજ ખાતે આયોજિત આ શિબિરનોપ્રારંભ કરાવતા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી શાંતાબેન ખટારીયાએ જણાવ્યું કે, ખેતીની સાથે વ્યવસાયિક ધોરણે પશુપાલન અપનાવવામાં આવે તો ખૂબ મોટા લાભો પ્રાપ્ત કરી શકાય છે. તેમજ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવાની સાથે પશુપાલન કરવામાં આવે તો તેના વિશેષ આર્થિક લાભો મેળવી શકાય છે. આમ, ખેતી અને પશુપાલન એકબીજાના પુરક છે. જેને વ્યવસાયિક ધોરણે અપનાવવાથી ખેડૂતોની આવક બમણી થઈ શકે છે.

આ શિબિરમાં, નાયબ પશુપાલન નિયામક ડો. વિરલ આહિર, મદદનીશ પશુનિયામક ડો.ડી.ડી.પાનેરા, મદદનીશ પશુપાલન નિયામક ડો.એ.પી.ગજેરાએ પશુ સંવર્ધન, પોષણ, માવજત, રસીકરણ સહિત પશુ આરોગ્યના મુદ્દે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

આ સાથે વિઠ્ઠલ બજાણીયાએ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી સંદર્ભે ઉંડાણપૂર્વક જાણકારી આપી હતી. તેમજ સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ ખટારિયાએ પ્રાસંગિક ઉદબોધન આપી ખેડૂતોને પશુપાલન અને પ્રાકૃતિક ખેતી અંગે માહિતગાર કર્યા હતા.

આ તાલુકા કક્ષાની પશુપાલન શિબિર કમ પ્રદર્શનનું જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ શાંતાબેન દિનેશભાઈ ખટારીયા અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી મિરાંત પરીખના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્ય મુકેશ કણસાગર, અગ્રણી ભાવેશ મેંદપરા, રમેશભાઈ ડાંગર, કાંતિભાઈ કાબા, દિનેશ સુવાગિયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરને સફળ બનાવવા માટે ડો.ચોચા સહિત તાલુકાની પશુપાલન ટીમે જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢ જિલ્લામાં પક્ષીઓને બચાવવા માટે તા.૨૦મી જાન્યુઆરી સુધી કરૂણા અભિયાન

## ઘાયલ પક્ષીઓને બચાવવા- સારવાર માટે હેલ્પલાઈન નં. ૧૯૬૨ ઉપર સંપર્ક કરવા તંત્રનો અનુરોધ

### શહેરમાં ત્રણ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ અને એક રેસ્ક્યુ સેન્ટર કાર્યરત રહેશે: જાહેર રજાના દિવસોમાં પણ કરશે કામ

જૂનાગઢ તા.૧૩
આનંદઉલ્લાસના ઉતરાયણ પર્વમાં અનિચ્છાએ પણ ખુલ્લા આકાશમાં વિહરતા પક્ષીઓને ઈજા પહોંચતી હોય છે, ત્યારે આ પક્ષીઓને બચાવવા અને સારવાર માટે તંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. આ માટે સમગ્ર જિલ્લામાં તા.૨૦મી જાન્યુઆરી સુધી કરુણા અભિયાન ચલાવવામાં આવશે.

ઉતરાયણ પર્વમાં ઘાયલ થતાં પક્ષીઓને બચાવવા માટે કરુણા અભિયાન હેઠળ ૧૯૬૨ હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો છે. જૂનાગઢ જિલ્લામાં આ અભિયાનમાં પશુપાલન વન વિભાગ અને પીજીવીસીએલની ટીમ સંકલનમાં રહીને કામગીરી કરશે. ઉપરાંત ૧૬ જેટલી સેવાભાવી સંસ્થાઓના સ્વયંસેવકો પણ પક્ષીઓના જીવ બચાવવા માટે કરુણા અભિયાનમાં જોડાશે.

સમગ્ર જૂનાગઢ જિલ્લામાં કરૂણા અભિયાન જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ શાંતાબેન ખટારિયા, કલેકટર શ્રી રચિત રાજ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી મીરાંત પરીખના માર્ગદર્શનમાં ચલાવવામાં આવી રહયું છે.

**પ્લાસવા ફોરેસ્ટ ડેપો ખાતે ખાસ રેસ્ક્યુ સેન્ટર ઉભુ કરાયું**

ઘાયલ પક્ષીઓને બચાવવા માટે ખાસ પ્લાસવા ફોરેસ્ટ ડેપો ખાતે રેસ્કયુ સેન્ટર ઊભું કરવામાં આવ્યું છે. અહીંયા ઈજાગ્રસ્ત પક્ષીઓની સારવાર કરવામાં આવશે. જેમાં ઘાયલ પશુઓને પક્ષીઓને ટાંકા લેવા સહિતની સારવાર પશુ ચિકિત્સકો દ્વારા કરવામાં આવશે. આ માટે પશુચિકિત્સક સાથેની એક ટીમ કાર્યરત રહેશે.

**જૂનાગઢ શહેરમાં ત્રણ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ કાર્યરત રહેશે**

જૂનાગઢ શહેરમાં ત્રણ કરુણા એનિમલ એમ્બ્યુલન્સ કાર્યરત રહેશે. જે ઝાંઝરડા ચોકડી, તળાવ દરવાજા અને મજેવડી દરવાજા ખાતે હાજર રહેશે. આ મોબાઈલ વેનના માધ્યમથી ઘાયલ પશુઅને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવામાં આવશે. પક્ષીની વધુ ગંભીર સ્થિતિ જણાયે રેસ્કયુ સેન્ટર ખાતે પક્ષીઓને રીફર કરવામાં આવશે.

**પશુ-પક્ષીઓની મેજર સારવાર- સર્જરી માટે વેટરનરી કોલેજનું પશુ દવાખાનું કાર્યરત રહેશે**

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના પરિસરમાં આવેલ કામધેનુ યુનિવર્સિટી હેઠળ વેટરનરી કોલેજનું પશુ દવાખાનુ કાર્યરત રહેશે. જે જાહેર રજાના દિવસોમાં પણ કામ કરશે. આવશ્યકતા મુજબ ખાસ કરીને પક્ષીઓની મેજર સર્જરી- સારવાર માટે અહીંયા પક્ષીઓને ખસેડવામાં આવશે, ત્યાં નિષ્ણાંત પશુ ચિકિત્સકો દ્વારા જરૂરી સારવાર આપવામાં આવશે.

**પુણ્યની લ્હાયમાં ગાયોને એસીડોસીસ રોગ થઈ શકે**

ઉતરાયણને દાન પુણ્ય કરવાનું પણ વિશેષ પર્વ માનવામાં આવે છે ત્યારે લોકો ખાસ કરીને ગાયોને ઘઉં સહિતના અનાજની ઘૂઘરી આપતા હોય છે. ત્યારે જો ગાયોને વધુ પ્રમાણમાં આ ઘૂઘરી આપવામાં આવે તો ગાયો એસીડોસીસ રોગમાં સપડાઈ શકે છે. તેનાથી પશુઓને આફરો ચડી જતો હોય છે, જો ગાયને વધુ આ અનાજની ઘૂઘરી આપવામાં આવે તો તેનાથી મૃત્યુ થવાની પણ શક્યતા રહેલી છે. જેથી લોકો અને ગૌશાળા પાંજરાપોળના સંચાલકોએ પણ ગાયોની વિવિધ અનાજની ઘૂઘરી આપવાની માત્રામાં વિશેષ કાળજી રાખવી જરૂરી છે. તેમ મદદનીશ પશુપાલન નિયામક શ્રી ડી.ડી. પાનેરાએ જણાવ્યું હતું

### ઓનલાઈન ફોન-પે ગીફ્ટ વાઉચર લાગવાના બહાને

# જૂનાગઢના વ્યક્તિએ બેંક ફ્રોડમાં ગુમાવેલ રૂા.૭૪,૯૯૫/- પરત અપાવતી સાયબર ક્રાઈમ સેલ

જૂનાગઢ તા. ૧૩
જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક મયંકસિંહ ચાવડાની સુચના તેમજ પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટીની સુચતા તથા માર્ગદર્શન હેઠળ જીલ્લામાં સાયબર ક્રાઈમના વધતા જતા બનાવોને ધ્યાને લઈ આવા ગુન્હાઓ બનતા અટકાવવા તેમજ આવા બનાવોમાં લોકોના નાણા રીફંડ થાય તેવા પ્રયત્નો કરવા સુચના આપવામાં આવેલ હોય જે અનુસંધાને એસઓજી જૂનાગઢના પીઆઈ એ.એમ. ગોહીલ તથા સાયબર સેલના પીએસઆઈ એમ.જે. કોડીયાતર તથા પોલીસ સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ હોય જે અનુસંધાને સરગવાડા જૂનાગઢના રહીશ મહેશભાઈ ધીરૂભાઈ ફલીયાના મોબાઈલ ફોન ઉપર એક અજાણ્યા નંબર ઉપરથી ફોન આવેલ જેમાં કોઈ વ્યક્તિ હિન્દી ભાષામાં વાત કરતી હતી અને જણાવેલ તે તમોને ફોન-પે એપ્લીકેશન ઉપર એક ગીફટ વાઉચર લાગેલ છે જેમાં કોડ નાખવો પડશે જેથી ફોન-પે એપ્લીકેશન ઉપર નોટીફીકેશન આવેલ તેમાં અરજદારે જોતા એક લીન્ક જોવામાં આવેલ જે લીન્ક ઓપન કરતા તેના મોબાઈલ ફોનમાં એક સ્કિન શેરીંગ એપ્લીકેશન ડાઉનલોડ થઈ ગયેલ હતી તેમાં કોડ આવેલ હતો જે સામાવાળાને આપતા અરજદારના ફોનનો તમામ કંટ્રોલ સામાવાળા પાસે જતો રહેલ અને સાયબર ગઠીયાએ અરજદારના બેંક ખાતમાંથી બે ટ્રાન્જેકશન મારફત ઓનલાઈન ખરીદી કરી લીધેલ જેના મેસેજ આવતા જાણ થતા મહેશભાઈ ધીરૂભાઈ ફલીયાએ તાત્કાલીક સાયબર સેલનો સંપર્ક કરતા જૂનાગઢ જીલ્લા સાયબર સેલ દ્વારા તાત્કાલીક કાર્યવાહી કરવામાં આવેલ અને બેંક તેમજ સંલગ્ન પેમેન્ટ ગેટ-વે એજન્સીઓ સાથે સતત સંકલનમાં રહી ફ્રોડસ્ટર દ્વારા ફ્રોડ કરવામાં આવેલ રકમ અન્ય જગ્યાએ ઉપયોગ ન થાય અને અરજદારનેતે રકમ રિફન્ડ થાય તે માટે એજન્સીઓ સાથે સતત સંપર્કમાં રહી જરૂરી પત્ર વ્યવહાર કરી સાયબર ગઠીયા દ્વારા ફ્રોડ કરેલ રકમનું ટ્રાન્જેકશન કેન્સલ (હોલ્ડ) કરાવેલ હતું અને જરૂરી કાર્યવાહી કરી કુલરૂા.૭૯,૯૯૫ અરજદારના બેંક ખાતમાં રીફંડ કરાવેલ હતા. આ કામગીરીમાં એસઓજીના પીઆઈસ એ.એમ. ગોહીલ, સાયબર સેલના પીઆઈ એમ.જે. કોડીયાતર, એએસઆઈ દિપકભાઈ જાની, હે.કો. પરેશભાઈ ચાવડા, પો.કો.બિન્દ્રા એસ. ગિરનારા, કૃણાલસિંહ પરમાર, માનસિંહ રાઠોડ અને મયુરભાઈ ઓડેદરા વગેરે જોડાયા હતા.

# શ્રી કેશવ કો.ઓપ. ક્રેડીટ સોસાયટી દ્વારા સહકાર ભારતી સ્થાપના દિનની ઉજવણી કરાઈ




જૂનાગઢ તા. ૧૩
સહકાર ભારતી જૂનાગઢ મહાનગર તથા જૂનાગઢ જીલ્લા સહકારી સંઘના ઉપક્રમે તા.૧૧-૧-૨૩ના રોજ સહકાર ભારતીના ૪૪માં સ્થાપના દિનની ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. કાર્યક્રમની શરૂઆત સહકાર ગીત સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોના હસ્તે દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ જૂનાગઢ મહાનગર અધ્યક્ષ કિરીટભાઈ કાણકીયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું. ત્યારબાદ જૂનાગઢ જીલ્લા ખરીદ-વેંચાણ સંઘના ઉપપ્રમુખ જયેશભાઈ ગુંદાણીયાએ ઉદ્‌બોધન કરેલ હતું. કાર્યક્રમમાં સહકાર ભારતીના પ્રદેશ મહામંત્રી વિનોદભાઈ બરોચીયાએ સહકાર ભારતીની કાર્યપધ્ધતી અંગે વિશેષ માર્ગદર્શન આપેલ હતું.

કાર્યક્રમના અધ્યક્ષ હરસુખભાઈ ગરાળાએ સહકારી ક્ષેત્રની કામગીરીની વાતચીત કરેલ હતી. સ્થાપના દિન કાર્યક્રમમાં જૂનાગઢના નવનિર્વાચીત ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. અંતમાં આભારવિધી જૂનાગઢ જીલ્લા સહકારી સંઘના ડિરેકટર અનિરૂધ્ધસિંહ વાળાએ કરેલ હતું. અંતમાં શાંતિ મંત્ર સમીરભાઈ જોષીએ કરેલ અને કાર્યક્રમનું સંચાલન જૂનાગઢ જીલ્લા સહકારી સંઘના સેક્રેટરી રાજયભાઈ ઠાકરે કરેલ અને કાર્યક્રમને સફળ બનાવવા માટે જૂનાગઢ મહાનગરના મંત્રી પિયુષભાઈ કુબાવત તથા નગરની ટીમે જહેમત ઉઠાવી હતી.

# સ્પર્શ મહોત્સવમાં જૈન આધ્યાત્મિક ગુરૂ વિજય રત્નસુંદરસુરીશ્વરજીના ૪૦૦માં પુસ્તકનું વિમોચન થશે

## ૧૫ થી ૨૬ જાન્યુઆરી દરમ્યાન યોજાનારા આ પ્રસંગની ભવ્ય ઉજવણીમાં લાખો લોકો ભાગ લેશે

અમદાવાદ તા. ૧૩
જૈન સંત અને પદ્મભૂષણ પુરસ્કારથી સન્માનિત વિજય સુરીશ્વરજી મહારાજ દ્વારા લખવામાં આવેલી ૪૦૦મી પુસ્તકનુંવિમોચન સ્પર્શમહોત્સવ દરમ્યાન ૨૨ મી જાન્યુઆરીએ કરવામાં આવશે. ૧૫ થી ૨૬ જાન્યુઆરી દરમ્યાન અમદાવાદમાં યોજાનારા આ પ્રસંગની ભવ્ય ઉજવણીમાં લાખોની સંખ્યામાં લોકો ભાગ લેશે તેવી અપેક્ષા છે.

વિજય રત્નાસુરીશ્વરજીએ છેલ્લા પાંચ દાયકામાં વ્યક્તિ તેમજ સમાજના ઉત્કર્ષ માટે અનેક સુપ્રસિધ્ધ અને દુરંદેશી વિચારો ધરાવતા પુસ્તકો લખ્યા છે. કન્વીનર પલક શાહે જણાવ્યું હતું કે, વિજય રત્નસુરીશ્વરજી મહારાજે માત્ર ધર્મ જ નહીં, પરંતુ સમાજ, કુટુંબ, રાષ્ટ્ર, આર્થિક બાબતો, મનોવિજ્ઞાન, આરોગ્ય સહિતના વિવિધ વિષયો ઉપર ૩૯૯ પુસ્તકો લખ્યા છે. તેમણે જે વિવિધ વિષયો ઉપર લખ્યું છે તે વિશ્વના કોઈપણ લેખક દ્વારા લખવામાં આવેલ પુસ્તક કરતા અજોડ છે જે આપણા બધા માટે ગર્વની વાત છે. તેમના ૪૦૦માં પુસ્તકનું વિમોચન એ એક મોટો પ્રસંગ છે અને તે અનુસાર જ તેની ઉજવણી કરવામાં આવી રહી છે. સ્પર્શ મહોત્સવ એ ચોથી સદીની પુર્ણાહુતિ એટલે કે ૪૦૦માં પુસ્તાકનું વિમોચન કરવા માટે યોગ્ય પ્રસંગ છે.

સ્પર્શ મહોત્સવ ૪૦ લાખ ચોરસ ફુટ અથવા ૯૦ એકરમાં ફેલાયેલા વિસ્તારમાં યોજાશે. કાર્યક્રમની ભવ્યતા સ્થળની એન્ટ્રીથી જ શરૂ થશે. ૧૫૦૦ ફુટ લાંબો અને ૭૦ ફુટ ઉંચો શાહી દરવાજો મુલાકાતીઓનું સ્વાગત કરશે. ગિરનારના સુપ્રસિધ્ધ નેમીનાથ મંદિરના ૧૦૦ ફુટની પ્રતિકૃતિ પણ સ્થળ ઉપર બનાવવામાં આવશે. ધાર્મિક ગુરૂઓ અને સંતોના પ્રવચનનો મહત્તમ લોકો લાભ લઈ શકે તે માટે ૨૫૦૦૦ લોકો એકી સાથે બેસી શકે તેવો મોટો ભવ્ય ટેન્ટ બનાવવામાં આવશે. ભગવાન અરિહંતની દિવ્યતાનું ગૌરવ દર્શાવતું ૧૦૦ ફુટ ઉંચુ ભવ્ય સમવસરણ સ્પર્શ મહોત્સવનું ખાસ આકર્ષણ હશે. અહીં સ્થળ ઉપર દેવી લક્ષ્મીનું સુવર્ણ મંદિર અને દેવી સરસ્વતીનું મંદિર પણ બનાવવામાં આવશે.

એક ઉમદા સમજણની કેળવણી કરતું અનોખું બ્રહ્માંડ જેમાં કૌટુંબીક બંધનામાં આઠ જેમ કે નૈતિક શિક્ષણ, પ્રેમ, શાંતિ, શારીરિક સ્વાસ્થ્ય, સંતોષ, વાણી, હકારાત્મકતા અને આધ્યાત્મિકતા સામેલ છે, એ ભવ્ય ઉજવણીનું બીજું વિશેષ આકર્ષણ રહેશે.

વિજય રત્નસુરીશ્વરજીના જીવનની વાસ્તવિકતા અને યાદગાર ક્ષણો દર્શાવતી એક રત્ન સફારી પણ ધર્મ અને સંસ્કૃતિની ઉજવણીમાં ભાગ લેતા લાખો ભકતોના લાભાર્થે સ્પર્શ મહોત્સવમાં પ્રસ્તુક કરવામાં આવશે.

થ્રી ડી મેપીંગ ટેકનોલોજી આધારીત એક સ્પેશ્યલ શો 'જવેલ્સ ઓફ જૈનિઝમ' દર્શકો સમક્ષ જૈન ધર્મની ઝલક પણ રજુ કરશે. એક ફન ઝોન જયાં વિવિધ મનોરંજક પ્રવૃત્તિઓ અને અદ્યતન ટેકનોલોજીના માધ્યમથી જૈન ધર્મનું શિક્ષણ સરળ રીતે શીખી શકાય છે તે મહોત્સવનું બીજું વિશેષ આકર્ષણ છે. સ્પર્શ મહોત્સવ એ ભારતીય પરંપરાઓને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવાનો ઉત્તમ અવસર છે. સમગ્ર ભારત અને વિશ્વના લોકો, કેન્દ્રીય મંત્રીઓ, વિવિધ રાજયોના મુખ્યમંત્રીઓ અને વિવિધ ક્ષેત્રના મહાનુભાવો આ ભવ્ય ઉજવણીના કાર્યક્રમમાં ભાગ લેશે.

# ખંભાળિયામાં ચાલતા સીસી રોડની કામગીરી અંગે વિવાદ : ગુણવત્તા બાબતે ઉઠતા સવાલો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩
ખંભાળિયાના મહત્વના એવા કોમર્શિયલ રોડ પોસ્ટ ઓફિસ રોડ ઉપર છેલ્લા કેટલાક દિવસોથી ચાલતા સીસી રોડ અંગેના કામ બાબતે લોકોમાં ભારે ચર્ચા સાથે કવોલિટી અંગે પ્રશ્નો



ઉઠી રહ્યા છે. આ બાબતે સત્તાવાહકો દ્વારા જરૂરી ચેકિંગ કાર્યવાહી કરવામાં આવે તેમ આ વિસ્તારના લોકો ઈચ્છી રહ્યા છે. ખંભાળિયા શહેરની મધ્યમાં આવેલા અને ટ્રાફિકથી વ્યસ્ત એવા પોસ્ટ ઓફિસ રોડ કે જ્યાં મોટી બેંકો તેમજ શોરૂમ વિગેરે આવેલા છે, અહીં નગરપાલિકા તંત્ર દ્વારા સીસી રોડના નિર્માણ અંગેની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ માર્ગને બે ટુકડે સીસી રોડથી મઢવા અંગેનો કોન્ટ્રાક્ટ અપાયો છે. જેમાં નગરપાલિકાના મળતિયાઓ કામ કરી રહ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. મહત્વની બાબત તો એ છે કે પોસ્ટ ઓફિસ રોડના ચાલી રહેલા આ કામમાં નિયમ મુજબ ગુણવત્તા ન હોવાનો આક્ષેપ લોકો કરી રહ્યા છે. સીસી રોડની મજબૂતાઈ માટે આ માર્ગ ઉપર અવરજવર તથા વાહન વ્યવહાર નિયત દિવસો સુધી સદંતર બંધ કરી, અને પૂરતા પ્રમાણમાં પાણી ભરી રાખવું અનિવાર્ય છે. પરંતુ આ બાબત નજર અંદાજ થતી હોવાનું દુકાનદારો દ્વારા જાણવા મળ્યું છે. જેના કારણે આ રોડની ગુણવત્તા નબળી પુરવાર થાય તો નવાઈ નહીં. સીસી રોડ માટે નગરપાલિકાના પાણી તથા વાહનનો ઉપયોગ પણ થતો હોવાનું કહેવાય છે. જો કે આ અંગેનું બિલ કોન્ટ્રાકટરને આપવામાં આવશે તેવું પણ વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. આ રોડના કામને ગુણવત્તા, માર્ગના નિર્માણ બાદ નિયમ મુજબની સારસંભાળ વિગેરે અંગેની ટેકનિકલ બાબત સાથે નગરપાલિકાના લાગતા વળગતાઓ દ્વારા લેવામાં આવતા લાભ અંગે અહીંના ચીફ ઓફિસરને પણ રજૂઆત કરવામાં આવી છે. ત્યારે ચીફ ઓફિસર દ્વારા આ અંગેની તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે કે કેમ? તેવા સવાલો પણ ઉઠવા પામ્યા છે.

# જૂનાગઢની જામીઆ ફૈઝુરહમાન ખાતે રવિવારે કુર્આનની તિલાવતનો કાર્યક્રમ

જૂનાગઢ તા. ૧૩
જૂનાગઢ ખાતે નવી સિવીલ હોસ્પીટલ રોડ ઉપર આવેલ જામીઆ ફૈઝુર્રહમાનના ગ્રાઉન્ડ ખાતે જશ્ને સૈયદુના સિદીકે અકબર અંતર્ગત તા.૧૫-૧-૨૨ ને રવિવારના રોજ જામીઆ ફૈઝુર્રહમાન જૂનાગઢના ત્રીજા હાફીઝે કુર્આન મુહંમદ ઉવૈસ રઝા (ઉ.વ.૧૭)નો હિફ્ઝ(મોઢે)થી કુર્આનની તિલાવતનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમનો સમય ફજરની નમાઝ બાદ સવારે ૭ થી રાત્રીના ૧૦ કલાક સુધી રહેશે. આ પ્રસંગે સમગ્ર કુર્આનની તિલાવત હાફિઝ મુહંમદ ઉવૈસ રઝા કરશે. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને હઝરત યાકુબ સિદીકી સાહેબ રહેશે. કાર્યક્રમનું સંચાલન જામીઆ ફૈઝુર્રહમાનના ઉસ્તાદ હાફિઝ મુહંમદ સલીમ રઝા અઝહરી કરશે. આ પ્રસંગે બહારગામથી આવેલા મહેમાનો માટે સવારે ચા, પાણી તથા નાસ્તો તેમજ બપોરે ન્યાઝ તથા બાજમાઅત નમાઝની વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. આ પ્રસંગે તમામ મુસ્લીમ બિરાદરોને પોતાના મિત્ર વર્તુળ સાથે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા એક યાદીમાં અનુરોધ કરવામાં આવેલ છે.

# ભવનાથ વિસ્તારમાં આવતા યાત્રીકો અને પ્રવાસી જનતાની સુવિધા માટે તકેદારીના પગલા

## ભવનાથ પોલીસ ચોકીના પીએસઆઈ મહિપતસિંહ ચુડાસમા અને સ્ટાફ દ્વારા સઘન પેટ્રોલીંગ વ્યવસ્થા ગોઠવાઈ

**(જગડુશા ડી. નાગ્રેચા દ્વારા)**

જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢ શહેરની તદન નજીક આવેલ ભવનાથ તળેટી વિસ્તાર કે જયાં અનેક ધાર્મિક સ્થળો અને પવિત્ર ગરવો ગિરનાર આવેલો છે. આ વિસ્તારમાં પ્રવાસી જનતાની સતત અવર જવર રહેતી હોય તેમજ વિવિધ તહેવારોને અનુલક્ષીને મોટી સંખ્યામાં ભાવિકો અને પ્રવાસી જનતા આવતી હોય છે અને પવિત્ર વાતાવરણ અને કુદરતના ખજાનાનો અન્નય લહાવો મેળવે છે. અહીં આવનારા ભાવિકો અને યાત્રાળુની સુવિધા અને સલામતી માટે ભવનાથ પોલીસ ચોકીના બાહોશ અને કર્તવ્યનિષ્ઠ પીએસઆઈ મહિપતસિંહ ચુડાસમા અને તેમની ટીમ દ્વારા સઘન પગલા લેવામાં આવી રહ્યા છે. વિવિધ ટીમો બનાવી અને પેટ્રોલીંગની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

પાંજનાકા પુલ ખાતે વાહન ચેકીંગ, જીલ્લા પંચાયત ગ્રાઉન્ડમાં પેટ્રોલીંગ તેમજ મંગલનાથબાપુના આશ્રમ તેમજ રોપવે સાઈટનું સતત પેટ્રોલીંગ કરવામાં આવી રહેલ છે. ભવનાથ પોલીસ ચોકીના પીએસઆઈ મહિપતસિંહ ચુડાસમા અને તેમની ટીમના ચુનંદા સ્ટાફ દ્વારા અલગ અલગ ટીમો બનાવી અને કામગીરી









(તસ્વીર : અશોક પોપટ)

કરવામાં આવી રહી છે. આ વિસ્તારમાં ભુલા પડેલા નાના બાળકથી લઈ મોટી ઉમરના વિખુટા પડેલા લોકોને પણ તેમના પરીવાર સાથે ભવનાથ પોલીસ દ્વારા મેળાપ કરાવી આપી અને સુંદર કામગીરી કરવામાં આવી રહી છે તેમજ અહીં આવનારા યાત્રાળુઓ અને પ્રવાસીઓ શાંતીપૂર્ણ રીતે હરીફરી શકે અને કોઈજાતની અવ્યવસ્થા ન રહે તે માટેના પણ સુંદર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રોપવે સાઈટ તેમજ અંબાજીમાતાજીના પગપાળા દર્શનાર્થે આવનારા ભાવિકોની સલામતી માટે પણ સઘન પેટ્રોલીંગ ભવનાથ પોલીસ દ્વારા કરવામાં આવી રહ્યું છે અને તેની આમ જનતામાં સરાહના થઈ રહી છે.

### જૂનાગઢ મનપાનું વેરા વધારા સાથેનું ૮૩૫ કરોડનું બજેટ સ્ટેન્ડીંગ કમિટીને સુપ્રત કરતા કમિશ્નર

# પાણી વેરો, ઘર વેરો અને દિવાબત્તી ચાર્જમાં કમ્મરતોડ વધારાની દરખાસ્ત



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ મહાનગરપાલિકાનાં કમિશ્નર રાજેશ તન્ના દ્વારા ૨૦૨૩-૨૪નાં વર્ષનું ૮૩૫ કરોડનું બજેટ ગઈકાલે સ્ટેન્ડીંગ કમિટીને સોંપવામાં આવ્યું છે. તેમજ છેલ્લા બે વર્ષથી એકપણ કર વધારા કે દર વધારા કરવામાં આવ્યા ન હતા. પરંતુ આ વર્ષે મનપાનાં ખર્ચાઓ વધતા તેનો ભાર આમ જનતા ઉપર નાખીને વેરા વધારા સાથેનું બાજેટ રજુ થયું છે. આગામી દિવસોમાં સ્થાયી સમિતિ દ્વારા આ બજેટમાં સુધારા-વધારા કરી અને તેને મંજુર કરવામાંઆવશે.

જૂનાગઢ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૩-૨૪નું બજેટ બનાવી કમિશ્નરે સ્થાયી સમિતીને સુપ્રત કર્યું છે. જોકે, આ બજેટમાં કમિશ્નર દ્વારા તોતીંગ વધારો સૂચવી દીધો છે. ત્યારે ૧૦૦થી ૨૫૦ ટકાનો વેરો વધારો સૂચવાયો છે. ખાસ કરીને સફાઈ કર, પાણી કનેકશન, દિવાબત્તી ચાર્જ, ડ્રેનેજ ચાર્જ, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન ચાર્જ, શોપ લાઈસન્સના ચાર્જમાં તોતીંગ વધારો કરી દેવાયો છે. શહેરીજનોને રોડ, રસ્તા, પાણી, સ્ટ્રીટ લાઈટની પુરતી કે સંતોષકારક સુવિધા મળતી નથી. ત્યારે તે સેવામાં સુધારો કરવાના બદલે માત્રને માત્ર વેરામાં અસહ્ય વધારો કરી દેવાય છે. ત્યારે હવે આ બજેટ જૂનાગઢવાસીઓ ઉપર મોટું બર્ડન કે બોજ બની રહેશે.

**કેટલા ટકા વધારો સૂચવાયો ?**

- દિવાબત્તી ચાર્જ ૧૧૮ ટકા વધી ૨૨૮ ટકા થયો છે.
- ડ્રેનેજ ચાર્જ ૨૫૦ ટકા વધીને ૩૫૦ ટકા થયો છે.
- સફાઈ કર ૧૫૦ ટકા વધીને ૨૫૦ ટકા થયો છે.
- પાણી કનેકશન ચાર્જ ૧૮૩ ટકા વધીને ૨૮૩ ટકા થયો છે.
- ડોર ટુ ડોરનો ચાર્જ ૯૧ ટકા વધીને ૧૯૧ ટકા થયો છે.

**વેરામાં કરાયેલ વધારો**

**(૧) પાણી વેરો :** ઘર વપરાશ કનેકશનમાં ૧/૨માં ૧,૨૦૦ના ૩,૪૦૦. ૩/૪માં ૨,૩૦૦ના ૬,૦૦૦. ૧માં ૪,૫૦૦ના ૭,૨૦૦. દોઢના કનેકશનમાં ૧૦,૦૦૦ના ૧૨,૦૦૦. ૨ના કનેકશનમાં ૨૦,૦૦૦ના ૨૧,૦૦૦. કોમર્શિયલ વ્યાપારી કનેકશનમાં પીવાના પાણી વપરાશ માટે ૧/૨માં ૧,૨૦૦ના ૩,૪૦૦. પાણી આધારિત ધંધા માટે ૧/૨માં ૩,૫૦૦ના ૬,૦૦૦. ઈન્ડ્રસ્ટ્રિયલ વિસ્તાર માટે ૧/૨ના ૮,૦૦૦ ના ૧૨,૦૦૦. કોમર્શિયલ કનેકશન ૩/૪માં ૫,૦૦૦ ના ૭,૨૦૦ જ્યારે ૧માં ૧૦,૦૦૦ના ૧૫,૦૦૦, દોઢના કનેકશનમાં ૧૪,૫૦૦ના ૧૫,૫૦૦ તેમજ ૨ના કનેકશનમાં ૧૬,૦૦૦ના ૧૮,૦૦૦ સૂચવાયા છે. પાણી કનેકશનમાં નામ ટ્રાન્સફર ફી ૫૦૦માંથી ૧,૦૦૦, કનેકશન રદ કરવાની ફિ ૨૫૦માંથી ૪૦૦ કરાઈ છે. કપાયેલ નળ કનેકશનની જોડાણની ફિ ૫,૧૦૦ થી ૫,૫૦૦ કરાયો છે. જ્યારે વોટર ડેવલેપમેન્ટ ચાર્જ જીએસટી સાથે ૧,૧૮૦ હતા જે ૧,૪૧૬ કરાયા છે.

**(૨) દિવાબત્તી ચાર્જ :** રહેણાંક મિલ્કત માટે મિલ્કત દિઠ ૧૭૫ના ૪૦૦, સરકારી કે અન્ય મિલ્કતો માટે ૬૦૦ના ૨,૦૦૦, મીલ-કારખાના જેમાં ૫૦ કે તેથી વધુ કામદારો હોય તેમાં ૩૦૦ના ૧૦૦૦ કરાયા છે.

**(૩) ડ્રેનજ ચાર્જ :** રહેણાંક મિલ્કતો માટે મિલ્કત દિઠ ૧૦૦ના ૩૫૦, બિન સરકારી મિલ્કતો માટે ૧૫૦ના ૩૫૦ કરાયા છે.

**(૪) ડોર ટુ ડોર ગાર્બેજ કનેકશન ચાર્જ :** રહેણાંક મિલ્કતો માટે મિલ્કત દિઠ ૩૬૫ના ૭૦૦, સરકારી તેમજ અન્ય મિલકતો માટે ૬૦૦ના ૧,૫૦૦ તેમજ મિલ કારખાનામાં ૫૦ કે તેથી વધુ કામદારો માટે ૫૦૦ના ૧,૫૦૦ કરાયા છે.

**(૫) લાયસન્સ ફિ :** સોડાવોટરનું કારખાનું તેમજ દહિં, દૂધની ડેરી કે મિઠાઈની દુકાન માટે ૧,૦૦૦ના ૨,૦૦૦, આઈસ ફેકટરી માટે ૪,૦૦૦ના ૪,૫૦૦, કારખાના(૨૦ એચપીથી વધારે) માટે ૧,૦૦૦ના ૧,૫૦૦, ૨૦ એચપીથી ઓછા કારખાના માટે ૫૦૦ના ૮૦૦, માચીસનું કારખાનું ૧,૦૦૦ના ૧,૫૦૦, હાડકાનું કારખાનું ૩,૦૦૦ના ૪,૦૦૦, ટેક્સટાઈલ્સ ફેકટરી ૩,૦૦૦ના ૪,૦૦૦, ભઠ્ઠી ૧,૫૦૦ના ૨,૫૦૦, જીનીંગ ફેકટરી અને પ્રેસ ૨,૦૦૦ના ૩,૦૦૦, લાકડાના વેરની મિલ ૧,૫૦૦ના ૨,૫૦૦, ફળો વેચવા માટે ૫૦૦ના ૧,૦૦૦, શાકભાજી વેચવા ૫૦૦ના ૧,૦૦૦, પાકી કેરી વેચવા ૫૦૦ના ૧,૦૦૦, દારૂખાનાના ૧૫,૦૦૦ના ૨૦,૦૦૦, દારૂખાનું (ફટાકડા) ૧,૫૦૦ના ૨,૫૦૦, નાઈટ્રો ગ્લીસીરીન ૧,૫૦૦ના ૨,૫૦૦, ગન કોટન ૧,૫૦૦ના ૨,૫૦૦, પારાના ૧,૫૦૦ના ૨,૫૦૦, સલ્ફરના ૧,૦૦૦ના ૨,૫૦૦, ઘાસલેટ-તેલ ૫૦૦ના ૧,૦૦૦, ટરપેન્ટાઈન ૫૦૦ના ૧,૦૦૦, સળગી ઉઠે તેવી વસ્તુ ૧,૦૦૦ ના ૨,૦૦૦, માચીસ-પાન બીડીની હોલસેલ દુકાન ૧,૦૦૦ના ૨,૦૦૦, રિટેઈલમાં ૫૦૦ના ૧,૦૦૦ જયારે ટાર, ડામર, રેઝીન, કોલસોમાં ૫૦૦ના ૧,૦૦૦, પેટ્રોલ પમ્પમાં ૧૦,૦૦૦ના ૧૨,૦૦૦, ડિઝલ-ઓઈ ગ્રીશઅને ક્રુડમાં ૫૦૦ના ૧,૦૦૦, ઈમારતી લાકડાની લાતી અને ગોડાઉનમાં ૧૦૦૦ના ૧,૩૦૦, ચામડા સાફ કરવાના ૫૦૦ના ૧,૦૦૦, સોનું-ચાંદી શોધાઈ ફિ ૨૫૦ના ૧,૦૦૦, સાબુનું કારખાનું ૧૦૦૦ના ૧,૫૦૦ ગોળ વેચવા જથ્થાબંધમાં ૫૦૦ના ૮૦૦ કરાયા છે.

**(૬) સફાઇ કર :** રહેણાંકમાં પ્રતિ મીલકત ૨૦૦ના ૫,૦૦, સરકારી તેમજ અન્ય મિલકતોમાં ૧,૨૦૦ના ૧,૫૦૦, અન્ય બિન રહેણાંક મિલક્તોમાં ૩૦૦ના ૭૦૦ તેમજ ૫૦થી ઓછા કામદારો હોય તેવા કારખાનામાં ૨૫૦ના ૭૦૦ અને ૫૦ થી વધુ કામદારો હોય તો ૫૦૦ ના ૧૦૦૦ સૂચવાયો છે.

**(૭) ખુલ્લા પ્લોટો :** બિન રહેણાંક ખુલ્લા પ્લોટો ઔદ્યોગિક ઉપર સામાન્ય કરના ૨૦ટકા હતા જે ૨૦ રૂપિયા પ્રતિ ચોરસ મિટર તેમજ બિન રહેણાંક ખુલ્લા પ્લોટ વાણિજય ઉપર ચાર્જ સામાન્ય કરના ૨૦ટકા હતા જે પ્રતિ ચોરસ મિટર ૩૦ રૂપિયા કરાયા છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૦૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, પણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨